કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, January 2024 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ

20th Year ANNIVERSARY

દ્વિદશાબ્દી વર્ષ ૨૦૨૩-૨૪





### વિશ્વકર્મા પરિવાર અને ગુજરાત માટે ગૌરવની વાત :

## અયોધ્યાના રામમંદિરના ધ્વજદંડ અને હાર્ડવેર બનાવ્યા અમદાવાદના ભરતભાઈ મેવાડા પરિવારે







## શ્રી રાજકોટ વિ. કે. મંડળ દ્વારા યોજાયો સન્માન સમારોહ

# વિશ્વકર્મા વિશ્વ

20th Year ANNIVERSARY

· સફળતાના ૨૦ વર્ષ પૂર્ણ ·



## વિશ્વકર્મા જયંતી વિશેષાંક-૨૦૨૪




વિશ્વકર્મા વિશ્વના આગામી ફેબ્રુઆરી-માર્ચનો અંક સંયુકત અંક **વિશ્વકર્મા જયંતી વિશેષાંક** તરીકે બીજા પખવાડિયામાં પ્રસિદ્ધ થશે. વિશ્વકર્મા જયંતી વિશેષાંકમાં પસંદગીના સ્થાન માટે

**આપની જાહેરાત આજે જ બુક કરાવો..**

આપની જાહેરાત મોબાઈલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે..

(જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૦૫, ફેબ્રુઆરી-૨૦૨૪)

---

લેખકોએ પોતાની કૃતિ તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં મોકલવી...

---

Ramy Publication


૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

Web : www.vishwakarmavishwa.com | E-mail : vishwakarmavishwa@yahoo.com

Mo. 90999 49565 | 94262 29565

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.12
Date : 10-01-2024

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# ગૌરવની વાત : ત્રણ ત્રણ પેઢી રાષ્ટ્ર સેવામાં

*મિલ્ટ્રીમાં રહીને દેશના સીમાડામાં જઇને દેશની રક્ષા કરવી એ નાની વાત નથી આજે ગુજરાતી ઓછા પ્રમાણમાં લશ્કરમાં જોડાઇને રાષ્ટ્રભકિત કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં એક જ પરિવારની ત્રણ ત્રણ પેઢીઓએ પોતાનું જીવન લશ્કરના હવાલે કર્યું હોય તેવી ઘટના તો વિરલ જ બને છે. પણ આવી વિરલ ઘટના બની છે. આપણા વિશ્વકર્મા પરિવારમાં જ. અમદાવાદના ગજ્જર પરિવારની ત્રણ ત્રણ પેઢી આર્મીમાં જોડાઇ હોવાની વિરલ ઘટના બની છે. હાલ અમદાવાદમાં શ્રી નિખિલ ગજ્જર નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. શ્રી નિખિલભાઇના પિતાજી સ્વ. સુબોધ ગજ્જ વાયુ સેનામાં હતા. શ્રી નિખિલભાઇ પણ આર્મીમાં હતા અને હાલ તેનો પુત્ર નીતિન ગજ્જર નૌકાદળમાં સેવા આપી રહયો છે. આમ આપણા વિશ્વકર્મા પરિવારની ત્રણ ત્રણ પેઢીએ મિલ્ટ્રીમાં સેવા આપી હોય તે ઘટના વિરલ ઘટના છે. અને અનેક લોકો માટે પ્રેરણારૂપ છે. મિલ્ટ્રીમાં ત્રણ ત્રણ પેઢીએ સેવા આપી હોય તે આપણા વિશ્વકર્મા પરિવાર માટે ગૌરવપ્રદ ઘટના છે.*

*નિવૃતત લેફ. કર્નલ નિખિલ સુબોધ ગજ્જર આજે પણ મિલ્ટ્રીમાં જોડાવા માટે યુવાનોને પ્રેરિત કરી માર્ગદર્શન આપતા રહયા છે. તેઓ કહે છે, જે કોઇ યુવાનોને મિલ્ટ્રીમાં જોડાવવું હોય તેવા યુવાનોને માર્ગદર્શન આપવા હંમેશા તત્પર છું. યુવાનોએ રાષ્ટ્રસેવાની ભાવના કેળવવી જોઇએ અને રાષ્ટ્રસેવા માટે લશ્કરમાં જોડાવું જોઇએ.*

*રાષ્ટ્ર સેવાને સમર્પિત આ ત્રણેય પેઢીને 'વિશ્વકર્મા વિશ્વ' પરિવાર આ ત્રણેય પેઢીને સલામ કરે છે.*

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

## વિશ્વકર્મા સમાજ પરિવાર જ નહીં ગુજરાતે ગૌરવ લેવા જેવું

# મેવાડા પરિવાર દ્વારા અયોધ્યાના રામલલ્લા મંદિરના મુખ્ય ધ્વજદંડ-હાર્ડવેરનું નિર્માણ

## અમદાવાદના ગોતામાં આવેલ અંબિકા એન્જિ. વર્કસમાં ધ્વજાદંડ અને હાર્ડવેર બન્યા

પ્રવીણ ગજ્જર







મેવાડા પરિવારના ભરતભાઇ અને તેના પુત્ર કશ્યપ પર અભિનંદન વર્ષા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨મી જાન્યુઆરી અયોધ્યાના રામ મંદિરમાં રામલલ્લાની પ્રતિષ્ઠા કરવાના છે. તેની સાથે મંદિરનું મહત્વનું અંગ મંદિરના મુખ્યધ્વજ દંડનું પણ શાસ્ત્રોકત વિધીથી પુજન કરવાના છે. ગુજરાતીઓ માટે અને ખાસ કરીને વિશ્વકર્મા પરિવાર-મેવાડા સમાજ માટે ગૌરવની વાત એ છે કે મંદિરના મુખ્ય એવા આ મુખ્ય ધ્વજ દંડ અને અન્ય નિર્માણ પામેલા ૬ જેટલા મંદિરના ધ્વજદંડ અમદાવાદના ભરતભાઇ મેવાડાની ગોતામાં આવેલી અંબિકા એન્જિનિયરીંગ વર્કસમાં બનાવવામાં આવ્યા છે. મંદિરમાં ધ્વજાદંડનું ખુબ મહત્વ હોય છે. ધ્વજદંડથી બ્રહમાંડની કોસમીક એન્ટેનાની જેમ ઉર્જા ગર્ભગૃહમાં આવે છે.

દેશ અને દુનિયા માટે ગૌરવરૂપ બનનાર અયોધ્યાના રામમંદિર માટેના ધ્વજ દંડ ઉપરાંત અન્ય હાર્ડવેર પણ ભરતભાઇ મેવાડાએ તૈયાર કર્યા છે.

ભરતભાઇ મેવાડાએ વિશ્વકર્મા વિશ્વ સાથેની ટેલીફોનીક મુલાકાતમાં કહયું કે, મંદિરના દંડ ધ્વજ શિલ્પશાસ્ત્ર પ્રમાણે બનાવવામાં આવ્યા છે.

તેમણે કહયું કે, રામલલ્લાનું મંદિર વિશાળ છે અને તે ધ્યાનમાં રાખીને ધ્વજદંડ બનાવાયા છે.

સંપૂર્ણ પીતળમાંથી ધ્વજદંડ બનાવાયા છે. મુખ્ય ધ્વજદંડ ૪૪ ફૂટ લાંબો અને ૯.૫ ડાયામીટરનો અને તેની થીકનેસ ૧ ઇંચ જેટલી છે. મુખ્ય ધ્વજદંડનું વજન










# મંદિરના ૪૪ જેટલા દરવાજા માટેનું હાર્ડવેર પણ બનાવ્યું

૫૫૦૦ કીગ્રા છે. અમોએ અત્યાર સુધીમાં મોટામાં મોટા ૪૫૦ કિલોનો ધ્વજ બનાવ્યો હતો. રામલલ્લાના મંદિર માટેનો ધ્વજદંડ યુનિક છે. મંદિરમાં રામલલ્લાના મુખ્ય મંદિર ઉપરાંત અન્ય હનુમાનજી મંદિર, ઉપરાંત અન્ય હનુમાન મંદિર, ગણેશ મંદિર, મહાદેવ મંદિર સહિતના ૬ મંદિરો માટે પણ ધ્વજદંડ જેનુ વજન ૭૦૦ કિગ્રા છે તે બનાવ્યા છે. જે ૨૦ ફૂટ ઉંચા છે.

ભરતભાઇ મેવાડાએ વિશ્વકર્મા વિશ્વને વધુમાં જણાવ્યું કે મંદિરમાં ૪૨ જેટલા દીવાની છે. આ દરવાજા માટેના ખાસ પ્રકારના મીનીગરા, હેન્ડલ સહિતનું તમામ હાર્ડવેર પણ અમોએ બનાવ્યું છે જે પણ શુદ્ધ પીતળનું છે. આવડા મોટો મંદિરમાં દીવાનીની લોકીંગ સીસ્ટમ અલ પ્રકારનું હોય છે. આ લોકીંગ સીસ્ટમ પણ તૈયાર કરવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. દિવાનીનું આ તમામ હાર્ડવેર અમે ૪ મહિના પહેલા મોકલી આપ્યું છે.





મંદિરમાં મુખ્ય ઘંટના કડાઓ ઝુમર જે ૧ થી ૭ ફૂટના છે આ લટકાવવાના કડા ૪૫૦ જેટલા બનાવીને અમોએ ૫ મહિના પહેલા અયોધ્યા પહોંચતા કર્યા છે.

આ ઉપરાંત મંદિર માટે ખાસ પ્રકારની દાન પેટી અને મંદિર માટેની રેલીંગ પણ તૈયાર કરવાનું સદભાગ્ય અમને પ્રાપ્ત થયું છે.

ભરતભાઇ મેવાડાએ કહયુ કે, ધ્વજ દંડ બનાવવા માટે જે મટીરીયલ્સ સરળતાથી મળતુ ન હોવાથી તેને બનાવવુ પડયુ છે. છેલ્લા ૬ મહિનાથી ડ્રોઇંગ મેઝટમેન્ટ સુધીનો સમય લાગ્યો છે અને મારા પુત્ર કશ્યપ સહિતનો ફેકટરીનો સ્ટાફ, સ્કીલ્ડ કર્મચારીઓ વગેરેએ મુખ્ય ધ્વજદંડ અને અન્ય હાર્ડવેર બનાવવા મહેનત કરી છે.

રામલલ્લાના મંદિર માટે ધ્વજદંડ અને અન્ય હાર્ડવેર બનાવવાનું કામ આપને શી રીતે મળ્યું ? તેવા પ્રશ્નના જવાબમાં તેમણે કહયું કે શિલ્પશાસ્ત્ર પ્રમાણે મંદિરો માટેના કામ કરવાનો અમારા ૮૧ વર્ષના





અનુભવથી સૌ પરિચીત છે. મંદિરના મુખ્ય આર્કિટેક ચંદ્રકાંતભાઇ સોનપરાને પણ અમારી કામગીરીની વર્ષોથી વાકેફ છે અને તેમના માધ્યમથી જ દેશ-વિદેશ માટે ગૌરવરૂપ બની રહેનાર અયોધ્યાના રામમંદિર માટેનું આ કામ કરવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે.

તમને આ કામનો અનુભવ કયારથી અને કેટલો ? તેવા પ્રશ્નના જવાબમાં ભરતભાઇ મેવાડા કહે છે, અમો મુળ ઉંઝા તાલુકાના દાતજ ગામના ગાયકવાડના રજવાડી જમાનામાં મારા દાદા સ્વ. દેવચંદ રામનાથ મેવાડાએ આવા કામની શરૂઆત કરી હતી.

મંદિરના દરવાજા, ધ્વજદંડ, કળશ, ભંડાર પેટી, રેલીંગ, ભગવાનના સિંહાસન, લાકડાના નકશી કામ, મંદિરને લગતા ભગવાનના સોનાચાંદીના આભુષણો બનાવવાનું મારા દાદાના સમયથી ચાલુ છે. ૧૬ વર્ષો પહેલા અમદાવાદ આવ્યા. આખુ નાયકની પાંખમાં ધંધો શરૂ કરેલો ત્યાંથી શાહપુર દરવાજા પાસે સ્થળાંતર કર્યું. નીચે કારખાનુ અને ઉપર રહેવાનું આજ સ્થળે મારો જન્મ થયો ત્યારબાદ ગોતામાં જયાં હાલ ફેકટરી છે ત્યાં કામ શરૂ કર્યું.

૬૧ વર્ષના ભરતભાઇ મેવાડાએ ડીપ્લોમા એન્જિનિયરનો અભ્યાસ કર્યો છે અને તેના પુત્ર કશ્યપ જે ૩૬ વર્ષના છે અને બી.કોમ. ગ્રેજયુએટ છે.

ગોતામાં રેલ્વે બ્રીજ પાસે ૧,મહાલક્ષ્મી એસ્ટેટમાં દેવ આર્ટ, અંબિકા એન્જિ. વર્કસ નામની ફેકટરી દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થઇ છે.

આપ પણ અભિનંદન પણ આપી શકો છો. સંપર્ક : ભરતભાઇ ડી. મેવાડા-૯૮૨૫૫૨૧૨૧૧, કશ્યપમભાઇ બી. મેવાડા-૯૮૯૮૪૧૧૪૩૧

# અમદાવાદના અંબિકા એન્જિનિયર વર્કસમાં તીર્થસ્થાન જેવો માહોલ સર્જાયો

## હજારો લોકોએ ધ્વજદંડના દર્શન કર્યા



કોઇ ફેકટરીમાં દરરોજ હજારો ભાવિકોની લાંબી કતાર લાગે અને રોજ ૮ થી ૧૦ હજાર લોકો ફેકટરીમાં આવે તેવું બને ખરૂ ? હા બન્યુ છે અમદાવાદમાં ગોતામાં મહાલક્ષ્મી એસ્ટેટમાં આવેલ દેવ આર્ટ એન્જિનિયરીંગ વર્કસમાં જયાં દિવસોથી સવારથી સાંજ સુધી ભાવિકોની કતાર લાગે છે ? આ ભાવિકો એટલે ઉમટી રહયા છે કે આ ફેકટરીમાં અયોધ્યાના રામ લલ્લાના મંદિર માટે ધ્વજાદંડ બનાવવામાં આવ્યા છે. આ ધ્વજદંડ અયોધ્યાય રવાનાથાય તે પહેલા આ ઐતિહાસિક મંદિરના ધ્વજ દંડના દર્શન કરવાનો લહાવો લઇ શકાય. આ ધ્વજ દંડ તૈયાર થયા બાદ સંતો મહંતોની ઉપસ્થિતિમાં પુજનવિધિ થઇ હતી. અને આ પુજન વિધિ બાદ આ મુખ્ય ધ્વજદંડ ભાવિકો માટે ખુલ્લા મુકાતા દરરોજ ધ્વજદંડના દર્શનાર્થે હજારો લોકો ઉમટી રહયા છે. ધ્વજદંડની પુજા વિધિ સમયે સ્વામી આત્માનંદ સરસ્વતી, શ્રી માધવપ્રિયદાસજી, ડો. સંત વલ્લભ સ્વામી, મહામંડલેશ્વર મહેન્દ્રગીરીજી-જુનાગઢ, વિહિપના અશોક રાવલ ઉપરાંત અનેક સંત મહાત્માઓ, દંડી સ્વામી, શ્રી શંકરાચાર્યજી, મા કનકેશ્વરીદેવજી અનેક મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, અધિકારીઓ, એનજીઓના વડાઓ જ્ઞાતિના પ્રતિષ્ઠિત આગેવાનો વગેરે હાજર રહયા હતા.

ભરતભાઇ મેવાડા પરિવારે વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા-કારીગરીના વારસાને દીપાવ્યો છે તે બદલ ભરતભાઇ મેવાડા અને કશ્યપભાઇ મેવાડાને અભિનંદન આપ્યા હતા.

**(અહેવાલ : ભરતભાઇ સુથાર - મેવાડા)**

## સમગ્ર ગુજરાતીઓ અને ગુજરાત માટે ગૌરવની વાત

# ત્રણ ત્રણ પેઢીનું જીવન રાષ્ટ્ર સેવા માટે સમર્પિત

## આ અંકમાં ભારત-પાકિસ્તાન ૭૧ના યુદ્ધમાં વાયુ સેનાના ગ્રુપ કેપ્ટન સ્વ. સુબોધ ગજજરની વાત



### વાત રાષ્ટ્રને સમર્પિત ત્રણ પેઢીની



આપણા વિશ્વકર્મા પરિવારના એક અમદાવાદ સ્થિત ગજજર પરિવારની ત્રણ ત્રણ પેઢીએ લશ્કરમાં જોડાઇને દેશની સેવા કરી તેની ભાગ્યે જ લોકોને જાણ છે. નિવૃત્ત કર્નલ નિખિલ ગજજર સાથે વર્ષોથી પરિચય છે. પરંતુ તાજેતરમાં મારા અઠવાડિયાના રોકાણ દરમ્યાન શ્રી નિખીલ ગજજર અને તેના પત્ની નંદીતાબેન સાથે ચારેક કલાક ગાળવાનો મોકો મળ્યો. આ દરમ્યાન શ્રી નિખિલ ગજજરે તેમના પિતા સ્વ. સુબોધ જમનાદાસ ગજજરએ લશ્કરમાં આપેલ સેવાની, પોતે આપેલ સેવાની અને હાલ તેમનો પુત્ર નીતિન ગજજર જે હાલ નૌકાદળમાં સેવા આપી રહયો છે. તેની વિસ્તૃત વાતો કી.

આ વિસ્તૃત વાત વિશ્વકર્મા વિશ્વમા ક્રમશઃ ત્રણ હપ્તામાં જુ કરી રહયું છે. આ અંકમાં શ્રી નિખિલ ગજજરના પિતાજી જેણે ભારત–પાકિસ્તાન વચ્ચેનું ૧૯૭૧નું યુદ્ધ લડયુ હતુ તેના સાહસની વાતો વણી લેવામાં આવી છે. હવે પછી નિવૃત્ત કર્નલ શ્રી નિખિલ ગજજરની અને ત્યારબાદહાલ નૌકાદળમાં ફરજ બજાવતા નીતિન ગજજરના જીવન અને સાહસની કથા રજુ થશે.

**– પ્રવીણ ગજજર**

આપણો સમાજ એટલે કારીગર સમાજ તેથી એક યા બીજી રીતે પોતાના કારીગીરીના ધંધામાં પરિવારના દિકરાઓને પોતાના ધંધામાં જોડે છે. ત્યાં આપણા કારીગર સમાજનાં જ એક જુની પેઢીના એવા પરિવારની વાત કરવી છે કે જે, ભારતીય વાયુસેનામાં અધિકારી તરીકે જોડાયા અને તેમની ત્રીજી પેઢી પણ આજે ભારતીય નૌસેના માં અધિકારી તરીકે કાર્યરત છે. વાત છે સ્વ. ગ્રુપ કેપ્ટન સુબોધ જમનાદાસ ગજજર અને તેમના પરિવારની

સ્વ. ગ્રુપ કેપ્ટન  સુબોધ જમનાદાસ ગજજરનો જન્મ તા. ૨૨ જુન ૧૯૨૪ માં રાજસ્થાનના બ્યાવરમાં થયો હતો. તેમના પિતા સ્વ. જમનાદાસ કાલીદાસ ગજજર ટેકસટાઇલ એન્જિનિયર તરીકે કામ કરતાં હતા. સુબોધ પાંચ ભાઇ–બહેનોમાં સાહસિક અને સક્રિય હતાં. પરિવારે ૧૯૨૯ માં અમદાવાદ સ્થળાંતર કર્યું.. સુબોધે મિર્જાપુરની સેન્ટ ઝેવીયર્સ સ્કુલમાં અભ્યાસ શરૂ કર્યો હતો. જમનાદાસ ગજજર ૧૯૩૫માં બિમારીના કારણે અવસાન પામ્યા. તેમણે અમદાવાદ મણીનગરમાં પોતાની જમીનમાં બંગલો બંધાવ્યો હતો.

યુવાનવયે સુબોધ મિત્રો સાથે કાંકરીયા તળાવે જતા અને નૌકાવિહાર કરતા અને ત્યાં રોજ એકાદ કિલોમીટર સાઇકલીંગ પણ કરતાં. એક વખત કાંકરીયા પાસેથી સુબોધને મગરના બે ઇંડા મળ્યા તે પોતાના ગજજર બંગલે લાવ્યા અને ધીરજપૂર્વક બે મગરનાં બચ્ચાનો જન્મ થવા દીધો. મગર મોટા થતા ચાર ફૂટ થયા. બાદમાં ૪ ફટ લાંબા બે મગરને જોઇને પાડોશીઓની ફરિયાદને કારણે સુબોધે ફરી કાંકરીયામાં છોડયા. સુબોધને ઘોડેસ્વારીનો પણ શોખ હતો. તેથી તેમના પાદરી મિત્રના ઘોડા પર જતા. એક

## સ્વ. સુબોધ ગજજે ગાંધીજીની ચળવળમાં પણ ભાગ લીધો હતો : ૧૯૫૦માં ટ્રેઇની પાયલોટ તરીકે જોડાયા



૧૯૪૯માં યુવાન વયે સુબોધ ગજજરે કાંકરીયા ખાતે બોટીંગ કરતા ઘોડેસ્વારી કરતા. બોટીંગ કરતા સમયની એક તસવીર.



ફલાઈંગ ઓફિસર સુબોધ ગજજરને મોટર સાઈકલ પર લોંગ ડ્રાઈવનો શોખ હતો અને તેમનો વારસો તેમના પુત્ર નિખિલ તથા પૌત્ર નીતિન બંનેને મળ્યો હતો. તેઓ પણ લોંગ ડ્રાઈવના શોખ ધરાવતા હતાં.



૧૯૫૧માં ફલાઈંગ ઓફિસર સુબોધ ગજજરને તેમના ટ્રેઈનીંગ અધિકારી તરફથી નેવીગેટર તરીકેની પદવી અપાય તે સમયની તસવીર.

# સોલો ફલાઈટ ચલાવતા અકસ્માત થયો પણ સ્વ. સુબોધ ગજજર બચી ગયા

સમયે અકસ્માતે પડી જતા બેભાન થઇ ગયા હતાં. આ સમયે એક મામૂલી ડોક્ટરની સારવારથી તેઓ બચી ગયા.

ગાંધીજીનો સુબોધ પર પ્રભાવ હતો. ૧૯૪૨ માં ભારત છોડો આંદોલન દરમ્યાન મિત્રો સાથે ચોપાનીય વેચવા સહિતની કામગીરી તથા ચળવળમાં તેમણે ભાગ લીધો. આ સમયે ૧૯૪૬ માં એરફોર્સમાં જોડાવા તેઓ ઉત્સુક હતા તેમની પસંદગી એરફોર્સમાં થઈ હતી. પણ માતા સહિતનાઓએ વિરોધ કરતા બનારસ હિંદુ યુનિવર્સિટી(બીએચયુ)માં ગ્રેજયુશેનમાં જવા માંગતા હતા. ભુસ્તરશાસ્ત્રીને એક વિષય તરીકે રાખેલ હોવાથી હિમાલય અને ગંગોત્રી સહિતના વિસ્તારોમાં સાધુઓ સાથે રહેવાની તક સુબોધને મળી હતી.



એરફોર્સમાં ફલાઈટની તાલિમ દરમ્યાન એક વખત ઝાડની ટોચના ખોટા અંદાજને કારણે એરક્રાફટનું ઝાડની ટોચને સ્પર્શતા એરક્રાફટ નિયંત્રણ બહાર થતાં ક્રેશ થયું ત્યારની ઘટનાની તસવીર.

અભ્યાસ દરમ્યાન સુબોધ બનારસની થિયોસોફીકલ સોસાયટીમાં રહેતા હતાં. તેની સારી વર્તુણુકને કારણે ત્યાંનું કડક મેનેજમેન્ટ હોવા છતાં તેમને વ્યાજબી ભાડાની જગ્યા રહેવા આપી. સુબોધ સમાજના યુવાનોને શારીરિક તંદુરસ્તી માટે મદદ કરવાનું શરૂ કર્યુ હતુ ત્યારે સુબોધ સમાજનાં જાણીતા કુસ્તબાજ શ્રીગામાને ત્યાં આમંત્રીત કરવા વિચારી રહયા હતાં. અને તેમાં સફળ થયા અને આ સમયે ગામાને કુસ્તીબાજને હાથીમાં બેસાડયો હતો. અને આના કારણે યુવાનો પર તેમને મળવા અને ઓટોગ્રાફ લેવા ઉત્સુક રહેવા લાગ્યા. આથી સુબોધ સમાજમાં આદરણીય અને પ્રસંશનીય બની ગયા હતા.

સુબોધ એમ એસ.સી. ભૂસ્તરશાસ્ત્ર.નો અભ્યાસ કરતાં હતાં પરંતુ તેમનું મન તો એરફોર્સમાં જોડાવા તરફ હતું. એક સવારે પીટી સમયે વાયુસેનાના અધિકારીઓ આવ્યા અને કહયું કે, શું તમે આઇએએફમાં જોડાવા માગો છો ? ત્યારે સુબોધે ઉત્સાહપૂર્વક હા પાડી અને તેથી તેને અધિકારી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું અને બાદમાં તેઓ ૧૯૫૦માં ટ્રેઈની પાઇલટ તરીકે એરફોર્સમાં પસંદ થયા.

એરફોર્સમાં તાલીમ દરમ્યાન કેડેટ સુબોધે સારો દેખાવ કર્યો તેથી તેને સોલો ફલાઇંગ માટે મંજુરી આપવામાં આવી. સોલો ફલાઇટ વખતે ઝાડની ટોચનો ખોટા અંદાજને કારણે અને એરક્રાફટનું અંડરકેરેજ થતાં ઝાડની ટોચને સ્પર્શયુ અને એરક્રાફટ નિયંત્રણ બહાર ગયું અને ક્રેશ થયું. ત્યારે કેડેટ સુબોધ જમનાદાસ ગજજર ઘાયલ થયા અને તેઓ બચી ગયા. સામાન્ય સંજોગોમાં આ એક અકસ્માત હતો પરંતુ તમામ પ્રશિક્ષકો માનતા હતાં કે સુબોધને એકેડમીમાંથી બરતરફ કરવામાં આવશે. પરંતુ



૧૯૭૧માં પાકિસ્તાન સાથેના યુદ્ધ સમયે હવાઈ હુમલા અંગે ગ્રુપ કેપ્ટન સુબોધ ગજજરને માર્ગદર્શન આપતા જનરલ સાહેબ.



૧૯૭૧માં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં વિજય થયા બાદ આર્મી ઓફીસર્સ સાથે પાકિસ્તાન બોર્ડ પર ગ્રુપ કેપ્ટન સુબોધ ગજજરની તસવીર.

# ભારત-પાકિસ્તાન વચ્ચેના ૧૯૭૧ના યુદ્ધમાં ગ્રુપ કેપ્ટન સ્વ. સુબોધ ગજજરે દુશ્મનના હાજા ગગડાવી નાખ્યા હતા

સુબોધનું વ્યકિતગત ચારિત્ર અને સારા રેકોર્ડના કારણે તેમને ફોર્સમાં ખસેડાયા અને આમ સુબોધ ગજજરને ૧૨ જાન્યુઆરી ૧૯૫૧ના રોજ નેવીગેટર તરીકે કમિશન આપવામા આવ્યું, જેથી તે ઉડવાનું ચાલુ રાખી શકે આમ વાયુસેનામાં જોડાવાનું સુબોધનું સ્વપ્ન સાકાર થયું.



૧૯૭૧ની લડાઇ વખતે ઓફિસર્સ અને પાઇલોટની તેમજ ગ્રુપ કેપ્ટન સુબોધ ગજજરની ટીમની મુખય ભૂમિકા રહી તે ટીમની તસવીર.

૧૯૫૫ની આસપાસ એક વખત ભાવી ભાભી અને સાળાએ સુબોધને જોયા અને તેમની નાની બહેન કુમુંદ મોડક (મહારાષ્ટ્રીયન) સાથે પરિચય કરાવ્યો. કુમુદના પિતા જે પોલીસ અધિકારી હતા અને તેમણે જ જુનાગઢ પોલીસ તાલિમ શાળાની સ્થાપના કરી હતી. સુબોધ અને કુમુદને અવારનવાર મળવાનું થયું અને ૧૯૫૫માં આ બંનેએ આંતરજ્ઞાતીય લગ્ન કર્યા. બાદમાં આગ્રામાં પોસ્ટ થતાં આગ્રા શીફટ થયા. ૫૦ વર્ષના લાંબા અને સુખી દાંપત્યજીવન બાદ ડિસેમ્બર ૨૦૦૫ માં કુમુદ ગજજરનું અવસાન થયું. તેઓ તેમના ત્રણ પુત્રોને સ્વતંત્રતા અને અખંડતિતા જાળવવાનું શીખવાડતા ગયા.

ફલાઇટ લેફટન્ટ સુબોધ ગજજરે વેલિગ્ટન ખાતે તેની પ્રતિષ્ઠિત સમગ્ર ભારતમાં પ્રતિષ્ઠિત આર્મી એરફોર્સ અને નેવી માટે મુશ્કેલ પરીક્ષા પાસ કરી અને ૧૧ મહિના લાંબી હાજરી આપવા માટે પસંદ કરવામાં આવ્યા ૧૪ ડિફેન્સ સર્વીસીઝ સ્ટાફ કોલેજમાં હાજરી આપી ત્યાં સૌથી નાના પુત્રનો જન્મ થયો. ફૂટબોલ અને ઘોડેસવારીનો શોખ માણતો તેણે તેમના પુત્રો સાથે દરરોજ સવારે ઘોડેસવારી કરવા જતા. ફલાઇટ લેફટન્ટ સુબોધ જમનાદાસ ગજજરનો એરોમોડેલિંગ, સ્કેચિંગ અને પેઇન્ટિંગ અને સુથારીકામનો રસ અને શોખ હતો.

ત્યારબાદ ફલાઇટ લેફટનન્ટ સુબોધને સ્ક્વોડ્રન લીડર તરીકે બઢતી આપવામાં આવી હતી. સ્કવોડન લીડર સુબોધ ગજજરે બરોડા ખાતે અભ્યાસક્રમમા સારો દેખાવ કર્યા બાદ મિસાઇલમાં વિશેષતા મેળવી હતી. તેમને ચંદીગઢ પોસ્ટીંગ આપવામાં આવ્યું. ૧૯૬૫ની શરૂઆતમાં પાકિસ્તાન અને ભારતીયદળો વચ્ચે સરહદ વિવાદિત પ્રદેશ પર અથડામણ થઇ ત્યારે ઓગસ્ટમાં પાકિસ્તાની સેનાએ બળ વડે કાશ્મીર કબજો કરવા પ્રયાસ કર્યો હતો. સ્ક્વોડ્રન લીડર સુબોધ જે ગજ્જરને ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન અંબાલા મોકલવામાં આવ્યા હતા. તેમની મિસાઇલો પાકિસ્તાની એરફોર્સ સામે અસરકારક હતી તેથી તેનો નાશ થયો હતો અને ભારત યુદ્ધ જીત્યું હતું. રાજય કબજે કરવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો અને દુશ્મનાવટ વધુ તીવ્ર બની હતી અને ભારત પાકિસ્તાન યુદ્ધ મડાગાઠ પર પહોંચ્યું હતું. આ વખતે શીતયુદ્ધની આંતરરાષ્ટ્રીય રાજનીતિએ અસર કરી. તેથી એકલા યુદ્ધવિરામથી કાશ્મીરની સ્થિતિનો ઉકેલ આવ્યો ન હતો. પરંતુ બંને પક્ષોએ સોવિયેત સંઘને ત્રીજા પક્ષના મધ્યસ્થી તરીકે સ્વીકાર્યું અને તાશ્કંદમાં વાટાઘાટો જાન્યુઆરી ૧૯૬૬માં થઇ અને બંને પક્ષોએ પ્રાદેશિક દાવાઓ છોડી દીધા અને

વિવાદિત પ્રદેશોમાંથી તેમની સેના પાછી ખેંચી.

પાકિસ્તાન વચ્ચે યુદ્ધ સમયે પાકિસ્તાન એરક્રાફટે હુમલો કરીને બોમ્બમારો કર્યો ત્યારે બચવા માટે શાળાઓમાં યુવાનો દ્વારા ખાઇ ખોદવામાં આવતી અને સાયરન વાગતા બધા ખાઇમાં સંતાઇ જતા ઘરના બારી દરવાજા કાળા કાગળ અને જાડા પડદાથી ઢાંકી દેવામાં આવતા જેથી પ્રકાશ બહાર ન જાય. એ સમયે એવી અફવા ફેલાણી હતી કે પાક. કમાન્ડો દળ વેચનારાઓ અને મજુરોના વેશમાં શહેરમાં ઘુસ્યા છે તેથી રસ્તા પર દરેક વ્યકિત શંકાસ્પદ માનવામાં આવતી.

ગ્રુપ કેપ્ટન સુબોધ ગજજર ૧૯૭૦ માં શ્રીનગરમાં ૬ ટેક્ટિકલ એર સેન્ટર (૬ TAC) કમાન્ડર તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા.. તે પર્વતીય સ્થળ હતું. વિભાજન પછી બંગાળના પૂર્વ પાંખ પાકિસ્તાનમાં પૂર્વ પાકિસ્તાન તરીકે જોડાઇ ગઇ હતી. અને પાકિસ્તાનમાં બે ભાગો વચ્ચે લગભગ ૧૨૦૦ માઇલનો ભારતીય પ્રદેશ હતો. ઉપરાંત પાકિસ્તાનની લશ્કરી સરકારે પૂર્વ પાકિસ્તાની પર વધુ ધ્યાન આપ્યુ ન હતું અને તેના પર ઉર્દુ ભાષા લાદવામાં આવી હતી.

પાકિસ્તાનીઓએ નદીઓ અથવા અવરોધોની દુર બાજુ સ્થિત ભારતીય નાના વિસ્તારોમાં મર્યાદિત લાભ મેળવ્યા હતાં. રાવી અને સતલજ નદીઓ પરના ત્રણ પુલોથી જ્યાં ભારત-પાકિસ્તાની સરહદ છે. તેમાંથી એક માત્ર ભારતીય પ્રદેશમાં આવેલ ફિરોઝપુર નજીક હુસૈનીવાલી પુલ હતો.

૩/૪ ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાની દળો દ્વારા નદી કિનારે ભારતીય વિસ્તાર પર હુમલો કરવામાં આવ્યો હતો. સામે વિલંબીત કાર્યવાહી સામે પડતા પાકિસ્તાનીઓએ ૧૮ ટેંકી ગુમાવી હતી. ભારતીય સેનાએ પુર્વ આયોજીત પીછેહઠ કરી ત્યારે પાકિસ્તાને પુલ પર તોપમારો કર્યો અને નુકશાન થયું હતું. જવાબમાં ૫/૬ ડિસેમ્બરની રાત્રે કમાન્ડર જનરલ એ.સી. હોલે ફિરોઝપુરના મુખ્ય વિસ્તારોને કબજે કરવા આક્રમણનો આદેશ આપ્યો જે દુશ્મન માટે સંપૂર્ણ આશ્ચર્યજનક હતું.

ભારતીય દળોએ પણ ૬/૭ ડિસેમ્બરનાં રોજ ડેરાવાળા નાનક પુલની રક્ષા કરવા રાવીની પુર્વ બાજુએ પાક એન્કલેવ પર હુમલો કર્યો અને કબજો કર્યો. આ એન્કલેવને બંધ, મોર્ટાર પોઝીશન્સ ઉચ્ચ અવલોકન ટાવર સાથે ક્રોકીટ પિલ બોકસ અને બંકરો મજબુત બનાવવામાં આવ્યા હતા. એક અણધારી બાજુથી ભારતીય હુમલાએ જુદી જુદી દિશામાંથી ઘણીવાર પછી દુશ્મનને અસંતુલીત કર્યું અને ૭ ડિસેમ્બરની સવાર સુધીમાં બ્રિજ પર નિયંત્રણ સાથે એન્કલેવ ભારતના હાથમાં હતું. ભારતીય વાયુસેનાની ભૂમિકા યુદ્ધ વિજેતા પરિણામલક્ષી હતી. કમાન્ડિંગ ઓફિસર ગ્રૂપ કેપ્ટન સુબોધ જમનાદાસ ગજ્જર અને તેમના ટેક્ટિકલ એર સેન્ટર દ્વારા ફાઇટર એરક્રાફ્ટ દ્વારા આપવામાં આવતી હવાઈ સહાયની કોર્પ્સ કમાન્ડર જનરલ હોલે દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી અને તેમણે ગ્રુપ કેપ્ટન સુબોધ જમનાદાસ ગજ્જરને ટેન્ક શેલ અર્પણ કરી હતી અને એવોર્ડ આપવામાં આવ્યો હતો. ફાઇટર અને હેલિકોપ્ટર દ્વારા પાકિસ્તાની સેનાની ટેન્કો અને દારૂગોળાના ઢગલાનો નાશ કરીને યુદ્ધ જીતવા માટેના સમર્થન માટે મોકલવામાં આવે છે..

ગ્રુપ કેપ્ટન સુબોધ ગજજર ૧૯૭૫ માં નિવૃત થયા અને એરફોર્સમાંથી નિવૃત્તિ લીધા પછી નેશનલ ટેક્સટાઇલ કોર્પોરેશનમાં જોડાવા માટે પસંદ કરવામાં આવ્યા. જ્યાં તેઓ એક તકેદારી અધિકારી હતા. સુબોધે તેમની ઓફિસ અને સુરક્ષા પ્રણાલીનું આયોજન કરવા માટે ખૂબ જ પ્રશંસનીય કાર્ય કર્યું હતું . ૬૦ વર્ષની વયે ત્યાંથી નિવૃત્ત થયા તે પહેલાં તેમણે ૬ વર્ષ સુધી નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશનમાં કામ કર્યું હતું. બાદમાં અમદાવાદ ખાતે કેટલીક બિમારીને કારણે અવસાન થયું ત્યાં સુધી તેઓએ શારીરિક અને માનસીક મજબુતી જાળવી રાખી હતી. ૮૯ વર્ષની ઉંમરે અવસાન સમયે ત્રણ પુત્રો, ૨ પૌત્રો અને ૩ પૌત્રીઓને તેમનો વારસો સોંપી વિદાય થયા હતા.



**૧૯૮૨માં ગ્રુપ કેપ્ટન સુબોધ ગજજર અને શ્રીમતી કુમુદ ગજજરને ગુજરાતના ગવર્નર શ્રીમતી શારદા મુખર્જી દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા તે સમયની તસવીર.**

તેમના એક પુત્ર લેફટનન્ટ કર્નલ નિખિલ સુબોધ ગજજર, ૧૯૭૩માં પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સંરક્ષણ એકેડમીમાં (NDA) ખડકવાસલા, પુણે પસંદ પામ્યા હતાં અને તેમને આર્મીમાં ૨જી લેફટનન્ટ તરીકે પ્રેસીડેન્ટ કમીશન આપવામાં આવ્યું હતું. તેઓ મરાઠા લાઇટ ઇન્ફન્ટીમાં જોડાયા હતાં. નિખિલ ગજજરનાં પુત્ર નિતીન પણ ૨૦૦૫ માં નેશનલ ડિફેન્સ એકેડમીમાં (NDA) જોડાયા હતા. અને ભારતીય નૌકાદળમાં પ્રેસીડેન્ટ કમીશન કરવામાં આવ્યું હતું. હાલ તે કમાન્ડરનો હોદ્દો ધરાવતા સર્વાંગ અધિકારી છે. તેઓ એક એવીએટર છે અને ચેતક હેલીકોપ્ટર ઉડાવવાના લાયક પ્રશિક્ષક છે.

આમ આપણા વિશ્વકર્મા પરિવારના ગ્રુપ કેપ્ટન સ્વ. સુબોધ ગજજર અને તેના પુત્ર નિખિલ ગજજરે સેનાની વિવિધ પાંખમાં સેવા આપી અને નિખિલભાઇના પુત્ર કમાન્ડર નીતિન ગજજર હાલ નૌકાદળમાં સેવા આપી રહયા છે. આમ ત્રણ પેઢી રાષ્ટ્ર સેવામાં જોડાઇ હોય તેવી આ વિરલ ઘટના છે.

# આને કહેવાય સાચી ગિફ્ટ !

અનિલ ખારેચા

ઈડિયટની અટારીએથી





એક ખાસ વર્ગ હંમેશાં કકળાટ કરતો કે આ સરકાર ગરીબો માટે જ યોજનાઓ લાવે છે, સૌથી વધુ ટેક્સ અમે પે કરીએ છીએ, સરકાર અમારા માટે પણ કશુંક વિચારે, અમારે આમ દિવ, આબુ, ગોવા ક્યાં સુધી લાંબુ થવાનું ? અને આ નાભીમાંથી નિકળેલ વેદનાને વાચા આપી આ સરકારે ગિફ્ટ સિટીમાં શરાબ સેવનની શરતો સાથે છુટ આપીને સાબિત કર્યું કે તે સૌનો સાથ સૌનો વિકાસ ઈચ્છે છે ! આ નિર્ણયના અડતાલીસ કલાકમાં જ્યાં કોઈ ભાવ પણ નહોતું પુછતુ ત્યાં નવી મેમ્બરસીપ માટે પડાપડી શરૂ થઈ, આપ વાંચી રહ્યા હસો ત્યારે તો ત્યાં ભાવ આસમાને પહોંચી ગયા હસે! એક તરફ આજ ગુજરાતમા ડાયમંડ બુર્સમાં ઓપનિંગ બાદ દોઢસોથી વધુ ઓફીસો વેચાવા આવી છે ને અહીં ગિફ્ટ સિટીમા લાવ લાવ થાય છે! જાણકારો કહે છે ડાયમંડ બુર્સમાં પણ ''છુટ છાટ'' થાય તો વેચનાર નિર્ણય ફેરવી શકે છે ! ઘણા હરખઘેલાઓ તો જુની નોકરી મુકીને ગિફ્ટ સિટીમાં નોકરી શોધવા લાગ્યા છે ને કહે છે કર્મચારી તરીકે ભલે ત્યાં પગાર ઓછો મળે પણ કામનો ''આત્મ સંતોષ'' તો મળશેને ? કયો આત્મસંતોષ એ તો બધા જાણેજ છે !

ખરેખર આ સરકાર ધારે તો સુકા રણમાં પણ રાતોરાત જમીનના ભાવ આસમાને પહચાડી શકે કારણકે કે અમુક ગુજરાતીઓની દુઃખતી નસની તેને ખબર જ છે. આ નિર્ણય બાદ શેરી મહોલ્લામાં કોઈ ટલ્લી થઈને ઘેર આવે તો તેના માત પિતા લાજવાને બદલે ગાજશે અને હવે ગર્વથી કહેશે મારો દિકરો ગિફ્ટ સિટીમાં સર્વિસ કરે છે કોડાઓ ત્યાં આ બધું નોર્મલ છે, ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શું જાણે! આવું કહેનાર વડીલોએ પણ યુવાનીમાં દેશી કોથળીનો સ્વાદ ચાખેલો હોય તો જ અનુભવીની અદામા આમ બોલી શકે! કદાચ હવે તો સોશિયલ મિડિયામાં પણ ગિફ્ટ સિટીમાં કામ કરનારના સગાઓ ગિફ્ટ સિટીમાં તેની સાથે સેલ્ફી લઈ લખસે મારો જમાઈ મારૂં ગૌરવ, મારો દિકરો મારૂં ગૌરવ !

અન્ય આંતરરાષ્ટ્રીય ધંધા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો ને બહુ મુંજાવાની જરૂર નથી હવે બીજા સ્ટેજમા આપના શહેરના નામની વિચારણા ચાલુજ છે! હવે વિકેન્ડમા અમદાવાદ ગાંધીનગરની કહેવાતી સારી હોટેલોમાં વેઈટિંગ નહી રહે તેવું બને, આમ લોકોનો સમય પણ બચશે કારણકે આંખો પ્રવાહ ગિફ્ટ સિટી તરફ હશે ! પણ હરખ ઘેલાઓએ ત્યાં જતાં પહેલાં નિયમો વાંચીને જવા નહીંતર ત્યાં પણ મામા ઉભાજ હશે જોજો ગિફ્ટ સિટી પછી ''તોડસિટી'' ન બની જાય ! આજે મેં નિકટના એક નેતા ને આ છુટ અંગે પુછતા તેને હસતાં હસતાં કહ્યું તમે તો સમજોછો આ સરકાર સૌના ધંધાનો વિકાસ ઈચ્છે છે વર્લ્ડની ત્રીજા નંબરની ઈકોનોમી બનાવવા માટે આવી નાની મોટી છુટતો આપવી જ પડેને ? એમાં આટલો દેકારો ન હોય ગીફ્ટ છે... આ ગિફ્ટ એન્જોય કરો સાહેબ !

# હસવાને જીવન બનાવીએ

ડો. આર.કે. ભાવસાર (અમદાવાદ)

આજનો માનવી ચિંતા, હતાશા અને નિરાશા તેમજ તનાવ(ટેન્શન) ઉપરાંત ભાર (સ્ટ્રેસ) યુકત પરિસ્થિતિ વચ્ચે જીવનનૌકા હંકારી રહયો છે. આથી કુદરત તફથી મળેલા હાસ્યને ધીમે ધીમે તે ગુમાવતો જાય છે.

૨૧મી સદી તરફ જતા માણસનું જીવન ભૌતિક સુખોથી ભલે છલકતું લાગે પણ માનવ ટુંકા મનનો બનતો જાય છે ! આવી સ્થિતિમાં હાસ્યને જીવન બનાવીએ.

હાસ્ય જીવનનું સંગીત છે. ઘણા રોગોમાં હાસ્યથી ફાયદો થાય છે. જેમ સંગીત વિનાનું જીવન અધુરૂ છે એમ હાસ્ય વિનાનું જીવન પણ અધૂરૂં છે. ખુલ્લા દિલે ખડખડાટ હસો. હસતા મનથી કામ કરો અને કામ કરતી વખતે હસો, હસવાથી અને હસાવવાથી શરીરમાં રોગમુકત રસાયણ પેદા થાય છે. ગાંધીજી માનતા કે હું હસવાનું ન શીખ્યો હોત તો કયારનોય પાગલ થઇ ગયો હોત.



સમગ્ર જગત બીમારીનના ભય હેઠળ જીવી રહયું છે. વર્તમાનમાં આપણે આપણા આરોગ્ય વિશે બેદરકાર છીએ. આપણે આપણા આરોગ્યને ભગવાન ભરોસે છોડી દીધું છે. શરીર એ તો ઇશ્વરનું મંદિર છે.

અમેરિકાના નોર્મન કઝિન્સે કહયું છે કે, આનંદી અને આશાવાદી રહેવાથી ઝડપથી સાજા થવાય છે. પ્રસન્નતા, પ્રફુલ્લતા અને હાસ્ય એ ત્રણ બાબતો હોઠે અને હૈયે ઝૂમતું આવશે. આજીવન તંદુરસ્ત રહેવા દરોજ ખડખડાટ હસતા રહો.

હસવાથી નવજીવન મળે છે. આનંદ અને ઉત્સાહ વધે છે. પુષ્પોમાં, કોમલના ટહુકામાં, ઉગતા સુર્યના કિરણોમાં અને વહેતા સાબરના નીરમાં હાસ્યનો અનુભવન કરીએ, મન પ્રસન્નતાથી નાચી ઉઠશે અને મનના સંતાપ દુર થશે.

કોઇપણ મળે તેને નિર્દોષ હાસ્યની ફરફર દ્વારા ભીંજાવી દો. હાસ્ય એ તો જીવનમાં ચંદન સમાન છે. હાસ્ય અને પ્રસન્નતા એ પ્રકૃતિએ આપેલી ભેટ છે. સ્માઇલ અ લોટ, ઇટ કોસ્ટ નથીંગ એન્ડ ઇટ ઇઝ બીયોન્ડ પ્રાઇઝ. આથી હસવાને જીવન બનાવીએ.

ગાલિબને કોઇએ પૂછયૂં તમારો ધંધો શું છે ? તેમણે કહયું મેં મુસ્કાન બાંટતા હું. હું પણ અહીં આપ સૌને મુસ્કાન બાંટવા આવ્યો છે.

ખાના ખાને બેઠા તો ખાના ભી નકલી નિકલા
પાની પીને બેઠા તો પાની ભી નકલી નિકલા
આખિર જિંદગી સે તંગ આકાર જહર ખાકર સો ગયા
(મગર) સુબહ ઉઠકર દેખા તો જહર ભી નકલી નિકલા

ઘરમાં મહેમાન આવે તો નકલી હાસ્ય રેલાવીએ છીએ. અંદરથી એમ થાય કે જાય તો ભીડ કમ ! આપણું હસવાનું નકલી થયું છે. ખાવું,પીવું, ધર્મ બધે 'નકલી' જ ચાલી રહયું છે, પણ અસલી હાસ્યથી જીવન સ્વર્ગ બનશે.

હાસ્યનો ચમત્કાર એ છે કે, તમને ઉંઘ નહિ આવતી હોય તો તે આવવા લાગશે. હસવાથી શરીર, મન, ચિત્ત સ્વસ્થ રહે છે. ભાવ આશ્વસ્ત રહે છે. આત્મા પ્રશસ્ત બને છે. રજનીશ કરે છે કે, જે વ્યકિત દરેક પરિસ્થિતિમાં હસતાં શીખી જાય કોઇપણ પરિસ્થિતિ તેના હાસ્યને ઝૂંટવી ન લે, તો પછી એને બીજું કંઇ કરવાનું રહેતું નથી. જેને હસતાં આવડે છે એનાં આંસુ પણ હસે છે અને જેને હસતાં નથી આવડતું એનું હાસ્ય પણ રુદન છે !

હસવા પર એક ભાઇએ પીએચ.ડી. કરેલ પણ તેમણે કહયું મને હસતાં નથી આવડતું ! હસવા પર પીએચ.ડી કરવું સહેલુ છે પણ હસવું અઘરું છે. હસનાર દરિદ્ર પણ અમીર છે અને ન હસનાર અમીર પણ ભિખારી છે. જે વર્તમાનમાં જીવે, ઇશ્વર પર આસ્થા રાખે અને જે પ્રાપ્ત થાય એમાં સંતોષ માને એ જ સદૈવ ખુશ રહી શકે છે.

હસતા રહીએ, આપણું હાસ્ય કોઇના દુ:ખનું કારણ ન બને એટલી કાળજી રાખીએ. પ્રસન્નતા અને હાસ્ય દ્વારા જિંદગીના પથને કાપતા રહીએ.

હાસ્ય વિષે કાર્લ બાય નોંધે છે કે, હાસ્ય એ પરમેશ્વર પાસે રહેવાનું એકમાત્ર સાધન છે. જી કે ચેસ્ટરસન કહે છે કે, હસો ખૂબ હસો, આ એક જ વસ્તુ છે જેનાથી પરમેશ્વરના પ્રિય બનશો. ફિલિપ સ્ટેનહોપ કહે છે કે, એટલું બધું હશો, સતત હસો કે રોગને પણ થાય કે કયાં આવી ભરાયો !

તમે એકલા ન હસી શકો. હસો તો કહે કે પાગલ થયો લાગે છે ! ગ્રુપમાં હસો. જગતમાં ૪૦૦૦ લાફિંગ કલબો ચાલે છે. આ દ્વારા લાખો માણસો હસીને તંદુરસ્તી મેળવે છે. અનિદ્રા, કબજિયાત હસવાથી ઓછા થાય છે, જતાં રહે છે.



મલકાતું મુખડું પરિવારના સભ્યોનું હોય અને ઘર મંદિર સમાન છે, સ્વર્ગ છે. હસો અને હરિને દિલમાં વસાવો. રોતી સુરત, સોગિયા મોઢાથી લોકો દુર ભાગે છે. મલકાતું મુખડું એ જ જીવનનું સાચું સુખ છે. ઘરમાં પતિ અને પત્ની હાસ્યમઢ્યું જીવન જીવે તો દાંપત્યજીવન રંગીલુ બની રહેશે. આપણે હાસ્યરેખા ઓળગતા રામની સીતાને ઉપાડી જનારા રાવણના હાથમાં જઇએ છીએ. આથી તનાવ નામની લંકામાં પહોંચીએ છીએ. માટે ખૂબહસો ને હરિધામમાં પહોંચવાનો આ મંગલ માર્ગ છે. હસો-બીજાને હસાવો આપણી જિંદગીને ચાર ચાંદ લાગી જશે.

હાસ્ય નિર્મળ હૃદયનો સહજ સ્વાભાવિક ધબકાર છે. મને શૈલેન્દ્રનું લખેલું અનાડીનું ગીત સ્મરે છે:

કિસી કે મુસ્કરાહટો પર હો નિહાર,
કિસી કા દર્દ મિલ શકે તો લે ઉધાર.

પ્રસિદ્ધ વિદ્વાન એલાવ્હીલર વિલકોકસ કહે છે :

હસો તો જમાના તુમ્હો સાથ હસેગા.
રો ઓ તો તુમ્હે અકેલે હી રોના પડેગા !

હાસ્યનો જીવનમાં પ્રવેશ થતાં જ જીવન જીવવાનું હળવાશભર્યું બની રહેશે. રોજિંદી વહેતી જિંદગીમાં હાસ્ય પ્રવેશતાં એની દિશા બદલાઇ જાય છે. માટે હસવાને જીવન બનાવીએ. મુલ્લાજી આખો દિવસ પાન મોંમા રાખતા ને મોં ખૂલત્રુ નહીં. હકીમે તેમને નિદાનમાં પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું કે, હંમેશા હસતા રહો. મુલ્લાજીએ કહયું, બીજી કોઇ દવાઓ... હકીમે કહયું, તમારે બીજી દવાઓની જરૂર નથી. તમારે જિંદગીભર હર હાલતમાં હસતા રહેવાનું છે, એ જ તમારા માટે શ્રેષ્ઠ ઇલાજ છે. મુલ્લાજીની જેમ આપણે પણ હર હાલતમાં હસતા રહીને આપણા જીવનમાં મૂરઝાતા સ્મિતના પુષ્પને પૂર્ણ રીતે વિકસિત કરી જીવનને ઝરણાં જેવું બનાવીએ. હસવાને જીવન બનાવીએ.


# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો, ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.




Paytm G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર Paytm અથવા G Pay કરો**

**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

**www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...**

# ‘હું’

**ભાવિન કથ્રેચા**

સદીઓથી મનુષ્યના મનમાં એક મહત્વનો પ્રશ્ન ઘુંટાતો રહે છે ને રહયો છે ને રહેશે. ‘Who Am I’ હું કોણ છું ? કોઇનો પુત્ર, પિતા, ભાઇ છું પણ મારું અસ્તિત્વ શું ? એવી રીતે સ્ત્રીઓમાં પુત્રી, માતા, પત્ની, બહેન આમાં ખરેખર હું કોણ ? શા માટે ધરતી પર મારું અવતરણ થયું છે ? શા માટે ઇશ્વરે મને ધરતી પર મોકલ્યા છે ? એ પ્રશ્ન સતત ચિંતનમય બની રહે છે. જેના માટે બુદ્ધ અને મહાવીરે પોતાના ભવ્ય મહેલ છોડી વનમાં તપસ્યા કરવા ચાલ્યા જાય છે. તો કોઇ હું ના અહંકારમાં બંગલાઓ, ગાડીઓ, ફેકટરીઓ સ્થાપે છે. જો આ મેં કર્યું, હું ના હોત ને આવું કંઇ ન થાત, કે કોઇના કરી શકે ! જીવનભર આવો ‘હુ’ આપણો પીછો છોડતો નથી. હું ન હોત ને તો આ મનીયાને કોઇ દિકરી ના દેત ! આ તો મેં વચ્ચે પડીને તેનું સગપણ કરાવેલું.

આ કાર્ય કરવાની કોઇની તાકાત નહીં, આ તો હું જ કરી શકુ એવા સંવાદો મનુષ્ય દિવસમાં કેટલીયવાર ઉચ્ચારણ કરી પોતાના અહંમ સંતોષવા બોલતો હોય છે, ત્યારે દુનિયા બનાવનાર પરમાત્માને હસુ નહીં આવતુ હોય ? મહાભારત યુદ્ધ પહેલા અર્જુન મોહવરા થઇ યુદ્ધ લડવાની ના પાડે છે, અને યુદ્ધ જીતી ગયા બાદ પાંડવોમાં જાણે યુદ્ધનો જશ ખાટી લેવાની હરીફાઇ હોય તેમ આ તો હું હતો એટલે યુદ્ધ જીત્યા. આમાં મારી વીરતા કામ લાગી. અર્જુન કહે, મારું ગાંડીવને કારણે યુદ્ધ જીતી ગયા, તો ભીમ કહે મી ગદા અને બળના કારણે યુદ્ધ જીતી ગયા. યુદ્ધ પહેલા અર્જુને શ્રીકૃષ્ણના યોગેશ્વર સ્વરૂપનાં દર્શન કર્યા હોવા છતાં પણ મનુષ્યમાં રહેલા ‘હું’ પદને કયારેય મરવા દેતો નથી. કંઇપણ ધારેલું અને સારુ થાય ત્યારે તેનો યશ મનુષ્ય પોતાના શીરે લે છે. અને તેથી ઉલટું થાય ત્યારે હે, ભગવાન તે મારી સાથે આવું કેમ કર્યું ? દોષનો બધો ટોપલો ભગવાન પર નાખી દે છે.



પ્રભુ કયારેય કોઇનુ મદ સહન કરતા નથી. જીવને જયારે પોતાના પર મદ આવે, હું પદ આવે ત્યારે પ્રભુ તેનું ઐશ્વર્ય પ્રકટ કરતા હોય છે. આપણે તો સાવ સામાન્ય મનુષ્ય છીએ, એકવાર દેવર્ષિ નારદજીને અહંમ થયો કે જગતમાં મારા જેવો કોઇ ભકત નથી. કારણ કે હું ચોવીસે કલાક નારાયણ નામના જપ કરું છું. ધારુ ત્યારે પ્રભુના દર્શન કરી શકુ. એમ કહેતા પ્રભુના દર્શને ગયા. નારદજી જયાં જયાં જાય ત્યાંથી પ્રભુ બીજી કોઇ જગ્યાએ ચાલ્યા ગયા હોય, અંતે નારદજીને પોતાના મદનું ભાન થયું, એટલે બે હાથ જોડી પ્રભુની ક્ષમા માંગવા લાગ્યા. અઢાર અક્ષીણી સેના સામે બાથ ભીડનાર અર્જુન કાબા(જંગલમાં રહેનાર આદિવાસી) સામે હારી જાય છે, ત્યારે તેને સમજાય છે કે તેના રથના સારથી સ્વયં પરમાત્મા હતા, ત્યારે અર્જુનનું 'હું' છુટે છે. ઇન્દ્રને અભિમાન થયું કે મારી કૃપાથી વરસાદ થાય એટલે ધરતી અને સ્વર્ગનો હું રાજા. બધુ મારી આજ્ઞા પ્રમાણે થવું જોઇએ ત્યારે પ્રભુએ ગોર્વધન લીલા કરી ઇન્દ્રનો માનભંગ કર્યો. પ્રભુએ સોંપેલા કાર્યોથી દેવતાઓ જયારે વિમુખ થયા ત્યારે પ્રભુએ અનેકવિધ લીલાઓ કરી તેઓના મદને દુર કર્યા. શ્રદ્ધાથી હિમાલય ઉંચકી લેનાર દત્તાનંદ ઘમંડથી વશ થઇ અંગદનો પગ પણ હલાવી શકતો નથી. અભિમાનના નશામાં જો રાવણનો પગ પણ હલાવી શકતો નથી. અભિમાનના નશામાં જો રાવણની આવી દશા થતી હોય તો આપણા 'હું' પદની તો કયાં વાત કરવી ?




કાળા માથાનો માનવી મોટાભાગે એમ જ માનતો હોય છે કે હું કમાઉં છું. એટલે ઘર ચાલે છે. આ ફકત મારી બુદ્ધિ અને પુરુષાર્થનં ફળ છે. સાચુ દાન એ છે કે જેમણે જમણે હાથે દઇએ તો ડાબા હાથને ખબર પણ ન પડે. મોટાભાગના લોકો દાન દેતી વખતે મોટા ભાષણો, દાન લેના વ્યકિતઓના ફોટા પાડે, લેનારની લાચારીનું પ્રદર્શન કરે. મોટી તખ્તીઓ મરાવે અને છાપાઓમાં અને સોશ્યલ મીડિયામાં પોતાના અહંમને સંતોષવા ઠાવકાઇથી પ્રદર્શિત કરે. એમાં રોમેરોમમાં દાતા બની બેઠેલા વ્યકિતઓના અહંમની દુર્ગંધ જ આવે.


પ્રભુને અહંમ પસંદ નથી, પછી ભલે ને એમના નિજ ભકતજનોનો જ કેમ ન હોય ! લઘુરાસ કર્યા બાદ ગોપીઓને મદ આવ્યો કે ત્રિલોકનો નાથ પોતાની આગળ છછીયા (મોટો વાટકો) ભરી છાસ માટે કેવો નાચ નાચે છે ! પ્રભુ રાસમાંથી અંતરધ્યાન થયા. ગોપીઓને પ્રાયશ્ચિત થયો અને એવી દશા થઇ આવી કે જો પ્રભુ દર્શન ન આપે તો ગોપીઓના પ્રાણ નીકળી જાય, ત્યારે પ્રભુએ પ્રકટ થઇ દર્શન આપ્યા. વડીલો ઘણીવાર પોતાના નિર્ણયો બાળકો પર ઠોકી બેસાડતા હોય છે. હું કહું તેમ કરો, હું કહું તેમ જ થવું જોઇએ. હું કહું ત્યારે બહાર જવું, અરે ભણતરમાં કયો વિષય પસંદ કરવો, કંઇ શાળા, કોલેજ, વર-કન્યા પસંદ કરવા જેવી બાબતોમાં પણ વડીલો પોતાના અહંમ ખાતર નિર્ણયો ઠોકી બેસાડે છે. તેને પોતાના અનુભવમાં ખપાવી દેતા હોય છે. સાસુ દ્વારા વહુને આજ્ઞામાં રહેવાનું, મારી સાસુએ આમ કર્યું, અમે તો અમારી સાસુમાની આજ્ઞામાં રહેતા. એ કહે તેમ જ કરતા, આવના નહીં વહુ પર સાસુમાની જોહુકમી બેસાડી દેતા હોય છે. જેને પરંપરાના નામે ખપાણી દેવામા આવતી હોય છે. પરંતુ પરિવર્તન સંસારનો નિયમ છે. જેમજેમ આંબામાં કેરી આવતી જાય તેમ આંબો પણ નમતો જાય છે.

નરસિંહ મહેતાને ખરે ટાણે કામ પાર પાડનારા પ્રભુ પ્રત્યે નરસિંહ મહેતા એ કયારેય હું પદ રાખ્યું નથી. કે હું બોલાવું ત્યારે ત્રિલોકના નાથને પણ આવવું પડે ! બલીરાજાએ કયારેય અભિમાનમાં 'હું' પદનો ગર્વ લીધો નથી કે ખુદ પરમાત્માએ પણ વામનરૂપ લઇ મારી આગળ દાનની યાચના માટે આવવું પડે. જગતમાં બલીરાજાજેવું આત્મસર્મપણ કોઇએ કર્યું નથી. નરસિંહ મહેતા, મીરાબાઇ, બલીરાજા, ધ્રુવ, પ્રહલાદ જેવા ભકતજનો ભકિતની સર્વોચ્ચ કક્ષાને તેથી જ પામી શકે છે. જીવનમાં ડગલેને પગલે કોઇપણ કાર્ય કરતા 'હું' પદની ભાવના ન આવે એ બાબતથી સાવધ રહેવાનું છે. જન્મ થવા પર વહેંચાતી મીઠાઇથી શરૂ થતી જિંદગીની રમત શ્રાદ્ધના દુધપાક પર આવીને પુરી થાય છે. બસ આજ તો જીવનની મીઠાશ છે. દુર્ભાગ્ય તો એ છે કે માણસ આ બંને મીઠાઇ ખાય નથી શકતો. છતાં પણ બધુ મારું છે ના ભ્રમમાં જિંદગી જીવે છે. ઝાંખી કયાંથી થાય હું પદ હૈયેથી ના વિસરાય, હરિ તારી ઝાંખી કયાંથી થાય ? હું ની મટકી ફુટે તો જ હૈયુ માખણ-માખણ થાય એ વાત તો સો ટકા સાચી !

### શ્રી રાજકોટ વિ. કે. મંડળ દ્વારા યોજાયો સન્માન સમારોહ

# પુરૂષાર્થ અને પ્રાર્થનાથી મંઝીલ પ્રાપ્ત કરી શકાય : પ્રો. ડો. ભાવિક પંચાસરા

**પ્રવીણ ગજજર**



રાજકોટમાં શૈક્ષણિક કાર્ય કરતી સંસ્થા શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા તા. ૨૪ ડીસેમ્બરના રોજ સાંજે સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી વિજયભાઇ પ્રાણભાઇ ઝાલેરા (અજંતા સ્ટીલ પ્રોડકટસ)ના મુખ્ય મહેમાનપદે યોજાયેલ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે લાલપુરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર દંપત્તિ ડો. ભાવિક મોહનભાઇ અને ડો. હિનાબેન ભાવિકભાઇ પંચાસરા ઉપસ્થિત રહયા હતા. મહેમાનો ઉપરાંત ડાયસ પર સંસ્થાના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા, મંત્રી નટુભાઇ ભારદીયા, સહમંત્રી કિશોરભાઇ બોરાણીયા, ઉપપ્રમુખ પ્રકાશ દુદકીયા અને ટ્રસ્ટી અરવિંદભાઇ ત્રેટીયા બિરાજમાન થયા હતા.

**સામાજીક ફરજ બજાવતા રહી કેરીયર બનાવવી અઘરી છે પણ અશકય નથી : પ્રો. ડો. હીનાબેન પંચાસરા**

કાર્યક્રમનો પ્રારંભ મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય થયા બાદ જીજ્ઞાશાબેન ગજજર અને સાથીદાર બહેનોના પ્રાર્થના ગીતથી કરવામાં આવ્યા બાદ સંસ્થાના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણીએ સંસ્થાની કામગીરીની રૂપરેખા વર્ણવતા કહયું કે, શિક્ષણ દિનપ્રતિદિન મોંઘુ થતુ જાય છે. અને દાન ઓછું આવે છે. પરિણામે વિદ્યાર્થીઓને મર્યાદામાં રહીને સહાય આપાવી પડે છે. આજે લોકો ધાર્મિક અને સામાજીક કાર્યમાં છુટા હાથે જે રીતે દાન આપે છે. તે રીતે શિક્ષણ માટે દાન આપતા નથી. તેમણે કહયું કે લોકોએ સંસ્થા કે વિદ્યાર્થીભવનમાં રહીને અભ્યાસ કર્યો હોય અને હાલમાં સારી આર્થિક સ્થિતિમાં હોય તેવા લોકો પણ સંસ્થા પ્રત્યે ઋણ ચુકવવા આર્થિક અનુદાન આપતા નથી. શિક્ષણ પ્રત્યે જાગૃતિનો અભાવ છે. ત્યારે આ અભાવ દુર થાય તેવા સહીયારા પ્રયત્નો કરી શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા જોઇએ.

**સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવી જરૂરી : કિશોરભાઇ જાદવાણી**

અધ્યક્ષશ્રી સ્વાગત પ્રવચન બાદ મુખ્ય મહેમાન વિજયભાઇ ઝાલેરાનું સ્વાગત સન્માન કિશોરભાઇ જાદવાણીએ, ડો. ભાવિકભાઇ પંચાસરાનું સ્વાગત સન્માન સંસ્થાના પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતાએ અને ડો. હીનાબેનનું સ્વાગત સન્માન સહમંત્રી કિશોરભાઇ બોરાણીયાએ કર્યું હતું.

મંત્રી નટુભાઇ ભારદીયાએ આ પ્રસંગે શિક્ષણ દિનપ્રતિદિન મોંઘુ થતું જાય છે. કેળવણી મંડળ દ્વારા એસએસસી અને એચએસસીના જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને ૨૫૦૦ થી ૧૦૦૦૦ સુધીની ટયુશન ફી આપવામા આવે છે અને એન્જિનિયરીંગ અને મેડીકલના વિદ્યાર્થીઓને ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ સુધીની સહાય કરવામાં આવે છે. શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે અને સંસ્થાને વધુ આર્થિક સહયોગ મળે તે ઇચ્છનીય છે. જેથી વધુ વિદ્યાર્થીઓને મદદરૂપ થઇ શકાય. તેમણે સુખી સંપન્ન લોકો વિદ્યાર્થીઓને સીધા સહાયરૂપ પણ બની શકે છે. નટુભાઇ ભારદીયાએ શિક્ષણ પ્રત્યે સમાજ વધુને વધુ જાગૃતિ દાખવે તો આપણો સમાજ વધુને વધુ શિક્ષિત બને આ માટે આપણે સૌએ સહીયારા પ્રયાસો કરીને સમાજ વધુને વધુ શિક્ષિત બને તે







# ધોરણ પ થી કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓ દાતાઓ અને વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન







દિશામાં આગળ આવવું જોઇએ.

આ પ્રસંગે મહેમાનોનો શ્રી વિજયભાઇ ઝાલેરાનો પરિચય ભરતભાઇ ખારેચાએ, પ્રો. ડો. ભાવિક પંચાસરાનો પરિચય જયકુમાર તલસાણીયાએ અને પ્રો. ડો. હિનાબેનનો પરિચય કિશોરભાઇ બોરાણીયાએ આપ્યો હતો.

આ પ્રસંગે મહેમાનોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.




**પ્રો. ડો. હિનાબેન પંચાસરા**

આ પ્રસંગે પ્રોફેસર હિનાબેન પંચાસરાએ કહયુ કે, ધાર્યા પરિણામ ન મળે ત્યારે નાશીપાસ થવાને બદલે નિષ્ફળતા પણ જીવનનો એક ભાગ છે. તેમ સમજીને આગળ ચાલવું જોએ. નિષ્ફળતાના સમયે સફળ વ્યકિતનું માર્ગદર્શન મેળવવું જોઇએ. સફળ વ્યકિતના માર્ગદર્શનથી વ્યકિત સફળતાના શિખરો સર કરી શકે છે. અને પરિવાર સુખી થઇ શકે છે. આજે વિચાર સરણી બદલવાની પણ જરૂરી છે. સ્ત્રી માટે પુરૂષ સમોવડી નવું અઘરૂ છે. મેરેજ થાય, બાળક થાય તેને સાચવવા પરિવારને સાચવવો, આવી બધી પરિસ્થિતિ વચ્ચે કેરીયર બનાવવી તે અઘરૂ કામ જરૂર છે. પરંતુ અશકય નથી. અઘરૂ કામ અશકય નથી. તેનું દૃષ્ટાંત હુ છું. એસએસસીમાં નાપાસ થયા બાદ પણ હિંમત હાર્યા વગર હું આગળ આવી અને જીપીએસસીની પરીક્ષા પણ પાસ કરીને અને પીએચડી પણ કર્યું અને આજે હું કોલેજમાં પ્રોફેસર છું. અને હેડ ઓફ ડીપાર્ટમેન્ટ છું. બારાડી જેવા વિસ્તારમાંથી ગેઝેટેડ ઓફીસર કોઇ બને તેવી અશકય લાગતી વાત એ પરિવારના સહયોગથી શકય બનાવી છે.

**સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ અપાય છે : નટુભાઇ ભારદીયા**

જયારે કોઇપણ વિદ્યાર્થીને માર્ગદર્શનની જરૂર પડે ત્યારે આપવા માટે હું સદાય તત્પર છું.

**પ્રો. ડો. ભાવિક પંચાસરા**



પ્રો. ડો. ભાવિક પંચાસરાએ આવા સુંદર સન્માન કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાને અભિનંદન આપી કહયુ કે, આજે ઇનામને પાત્ર અને વિશિષ્ટ સન્માન પાત્ર વિદ્યાર્થીઓનું સન્માન થયું તેમાં નારી શકિતની સંખ્યા વધારે છે. આ નારીશકિતનું દર્શન છે.

તેમણે કહયું કે, તાજેતરમાં જ ગીતા જયંતી ઉજવાઇ. ગીતામાં કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે. અને સમસ્યાઓનું સમાધાનનો ઉપદેશ આપે છે. એટલે આપણે જ તેમ સમજીને આગળ આવવું જોઇએ. મહાભારતમાં વિજય પાંડવોનો થયો. કારણ કે અર્જુન હતો અને તેની સાથે કૃષ્ણ હતા. જીવનમાં પ્રશ્નો તો આવવાના જ છે. પરંતુ ભગવાન પર શ્રદ્ધા રાખી અને પુરૂષાર્થ અને પ્રાર્થના કેળવીએ તો વિજય અવશ્ય પ્રાપ્ત થાય છે. દરેકે એ વાત ધ્યાન રાખવી જરૂરી છે કે પુરૂષાર્થ અને પ્રાર્થનાની મંઝીલ પ્રાપ્ત કરી શકાય છે.

આજે માણસને માપવાની કોઇ ફુટપટ્ટી અસ્તિત્વમાં નથી તેમ જણાવી ડો. ભાવિક પંચાસરાએ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિ થાય છે તે આનંદની વાત હોવાનું જણાવી તેમણે કહયું કે, પ્રત્યેક સંસ્થાઓએ આવા સન્માન કાર્યક્રમ ઉપરાંત માર્ગદર્શન આપવાના કાર્યક્રમો પણ વર્ષમાં એકવાર કરવા જોઇએ. આવા માર્ગદર્શન કેમ્પમાં મને સેવા આપવાનો મોકો મળશે તો હું જરૂર આવી સેવા આપીશ. જીપીએસસી–







યુપીએસસી જેવી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ વધુ આગળ આવવા જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ધોરણ પાંચથી કોલેજ સુધીના ઉચ્ચ ગુણ પ્રાપ્ત થયા હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન શ્રી વિજયભાઇ ઝાલેરા, ડૉ. ભાવિક પંચાસરા, ડૉ. હીનાબેન પંચાસરા, કિશોરભાઇ જાદવાણી, ચંદ્રેશ ખંભાયતા, અરવિંદભાઇ ત્રેટીયા, કિશોરભાઇ બોરાણીયા, પ્રકાશભાઇ દુદકીયા, નટુભાઇ ભારદીયા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, જયંતીભાઇ તલસાણિયા, મહેશભાઇ વડગામા, કમલેશભાઇ ભારદીયા, ભરતભાઇ ખારેચા, જનકભાઇ વડગામા, જયસુખભાઇ ઘોરેચાએ કર્યુ હતું. જયારે દાતાઓનું સન્માન કિશોરભાઇ જાદવાણી, સરલાબેન જાદવાણી, પ્રીતિબેન ચંદ્રેશભાઇ ખંભાયતા, અનિતાબેન વડગામા સહિતના ટ્રસ્ટીઓ, મહેમાનો અને કારોબારીના સદસ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું.



ત્યારબાદ વિવિધ ક્ષેત્રે સારી કારકિર્દી પ્રાપ્ત કરનાર ૯ જેટલી વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગુ.સુ. કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, જામનગરના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા અને સાથીદારો જુનાગઢના પ્રમુખ રાજુભાઇ કરગથરા સહિતના વિવિધ શહેરમાંથી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંચાલન નટુભાઇ ભારદીયા અને કમલેશ ભારદીયાએ કર્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ સહભોજનનો આનંદ માણ્યો હતો.

**રૂા. ૫૦૦૦થી વધુના દાતાશ્રીઓનું લીસ્ટ**

(૧) સ્વ. ભાનુબેન તથા સ્વ. બબનભાઇ રામજીભાઇ વિશરોલીયા (ગજ્જર), હ. : શ્રી કમલભાઇ પ્રાણલાલ (બટુકભાઇ) સીનરોજા તથા શ્રીમતી પુજાબેન મનોજભાઇ વિશરોલીયા, રાજકોટ. રૂા. ૨,૫૧,૦૦૦

(૨) વિશ્વકર્મા ધુન મંડળ (ભાઇઓ), હ. : પ્રમુખ દામજીભાઇ ખારેચા તથા ભરતભાઇ દુદકીયા, રાજકોટ. રૂા. ૬૦,૦૦૦

(૩) સ્વ. પ્રભાબેન તથા ભગવાનજીભાઇ માધવજીભાઇના પાટડીયાના સ્મરણાર્થે, હ. : જાગૃતીબેન નવીનચંદ્ર પાટડીયા, રાજકોટ. રૂા. ૫૧,૦૦૦

(૪) સ્વ. ધીરજલાલ જેરામભાઇ ગોરેચાના સ્મરણાર્થે તથા દયાળજીભાઇ જેરામભાઇ ગોરેચા(મોટી ગોપીવાળા) જન્મદિવસ નિમિત્તે, હ. દયાળજીભાઇ જેરામભાઇ ગોરેચા, યુ.કે., રૂા. ૩૦,૨૦૨

(૫) સ્વ. ભાવનાબેન રમેશભાઇ ખારેચાના સ્મરણાર્થે, હ. રમેશભાઇ દયાળજીભાઇ ખારેચા, રાજકોટ, રૂા. ૨૫,૦૦૦

(૬) સ્વ. અમૃતલાલ પરસોતમભાઇ તથા સ્વ. નિરંજનાબેન અમૃતલાલ સંચાણીયાના સ્મરણાર્થે(અમેરીકા), હ. પરીમલભાઇ તલસાણિયા, રાજકોટ, રૂા. ૨૫,૦૦૦

(૭) શ્રીમતી પ્રતિભાબેન છોટાલાલ વાલંભીયા, રાજકોટ, રૂા. ૨૫,૦૦૦

(૮) સ્વ. સરલાબેન નાનુભાઇ ખંભાયતાના સ્મરણાર્થે, હ. ઉત્પલાબેન કિશોરભાઇ જાદવાણી, રાજકોટ. રૂા. ૨૫,૦૦૦

(૯) શ્રી રામચંદ્રભાઇ ડાયાલાલ સંચાણીયા(પૌત્ર માનસના જન્મદિવસ નિમિત્તે), રાજકોટ રૂા. ૨૧,૫૫૫

(૧૦) સ્વ. કુંવરજીભાઇ રામજીભાઇ ભાડેશીયાના સ્મરણાર્થે, હ. : પુત્રો રતીભાઇ, મુકેશભાઇ, મહેશભાઇ ભાડેશીયા, રાજકોટ રૂા. ૨૧,૧૧૧

(૧૧) સ્વ. આરતીબેન દિપેશભાઇ વિરમગામાના સ્મરણાર્થે, હ. દક્ષાબેન સુરેન્દ્રભાઇ વડગામા, રાજકોટ. રૂા. ૨૧૦૦૦

(૧૨) માતુશ્રી રળિયાતબેન, પિતાશ્રી ભુરાભાઇ ચકુભાઇ ખારેચાના સ્મરણાર્થે, હ. છગનભાઇ ભુરાભાઇ ખારેચા, રાજકોટ, રૂા. ૨૧૦૦૧

(૧૩) વેલકાસ્ટ ટેકનોલોજીસ-મેટોડા, રાજકોટ. હ. : જયકુમાર મનોહરભાઇ તલસાણિયા, રાજકોટ. રૂા. ૨૧૦૦૦

(૧૪) રૂપકલા એન્જિનિયર્સ પ્રા.લી., મેટોડા, રાજકોટ, હ. : મહેન્દ્રભાઇ તથા મુકેશભાઇ પંચાસરા, રાજકોટ, રૂા. ૨૧૦૦૦

(૧૫) સ્વ. રાજેશભાઇ વિઠ્ઠલભાઇ અંબાસણા સ્મરણાર્થે, હ. : વિશાલભાઇ રાજેશભાઇ અંબાસણા (એસ.એ. ગ્રાફીકસ), રૂા. ૨૧,૦૦૦

(૧૬) સ્વ. રમાબેન ધનજીભાઇ વડગામાના સ્મરણાર્થે, હ. : હર્ષીત સુનીલભાઇ વડગામા, રાજકોટ. રૂા. ૧૫૦૦૦

(૧૭) ડૉ. સુરેશભાઇ ગોપાલજીભાઇ તલસાણિયા, લેસ્ટર(યુ.કે.), રૂા. ૧૧૩૬૩

(૧૮) કાશીબેન તથા હંસરાજભાઇ ગજ્જર-વાલંભીયા, હ. : ચંદુભાઇ ગજ્જર વાલંભીયા, રાજકોટ. રૂા. ૧૧૦૦૦

(૧૯) સ્વ. કિર્તીદાબેન મનહરલાલ વડગામાના સ્મરણાર્થે, હ. : મનહરલાલ હિરજીભાઇ વડગામા, રાજકોટ. રૂા. ૧૧,૦૦૦

(૨૦) ક્રિષ્નાબેન વિક્રમભાઇ સીનરોજા, હ. : વિક્રમભાઇ એમ. સીનરોજા, રાજકોટ. રૂા. ૧૧,૦૦૦

(૨૧) ચંદ્રકાંતભાઇ વાલજીભાઇ કરગથરા, રાજકોટ રૂા. ૧૧,૦૦૦

(૨૨) સ્વ. ધીરજલાલ રામજીભાઇ ભાડેશીયાના સ્મરણાર્થે, હ. : ભરતભાઇ ધીરજલાલ ભાડેશીયા, રાજકોટ. રૂા. ૧૦,૦૦૦

(૨૩) હસુભાઇ જે. કરગથરા, રાજકોટ, રૂા. ૨૧,૦૦૦

(૨૪) ગુર્જર સુતાર જ્ઞાતિ ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યો, રાજકોટ. રૂા. ૫૧૦૦૦

(૨૫) રોકવેલ ઇન્ડ. રાજકોટ, વિજયભાઇ પ્રભુદાસભાઇ ધ્રાંગધરીયા, રૂા. ૨૧૦૦૦

(૨૬) વૃજલાલ માધવજીભાઇ ભારદીયા, લંડન. રૂા. ૧૫૦૦૦

(૨૭) ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, હ. જગદીશભાઇ સોંડાગર, રાજકોટ. રૂા. ૫૧૦૦

# આ વર્ષની વિશિષ્ટ પ્રતિભા







## ત્વરા વડગામા

રાજકોટ ગુ.સુ. જ્ઞાતિના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા અને દિપિકાબેનની પુત્રી ત્વરા વડગામા ડોક્ટર થઇ છે. બીડીએસમાં ડીગ્રી મેળવ્યા બાદ હાલ તે રાજકોટમાં આસી. ડોક્ટર તરીકે કામ કરે છે. ત્વરા મુકેશભાઇ વડગામાનું સન્માન ડો. હિનાબેન પંચાસરાએ કર્યું હતું.

## ડો. સોનાલી ભાડેશીયા

ગુ.સુ. જ્ઞાતિ રાજકોટના ટ્રસ્ટી મુકેશભાઇ અને જ્યોતિબેન ભાડેશીયાની પુત્રી ડો. સોનાલીએ બીડીએસની ડિગ્રી પ્રાપ્ત કરી છે. હાલ તે એએમસી ડેન્ટલ કોલેજમાં ઇન્ટર્નશીપ કરી રહી છે. સોનાલી મુકેશભાઇ ભાડેશીયાનું સન્માન ચંદ્રેશ ખંભાયતાએ કર્યું હતું.

## શીવાની ભાડેશીયા

બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર ભગવાનજીભાઇ અને શીતલબેન ભાડેશીયાની પુત્રી શીવાનીએ મેડીકલમાં બીએચએમએસની ડિગ્રી મેળવી છે. હાલ તે શાશ્વત હોસ્પિટલમાં આસી. મેડીકલ ઓફીસર છે. ડો. શીવાની ભગવાનજીભાઇ ભાડેશીયાનું સન્માન કિશોરભાઇ બોરાણીયાએ કર્યું હતું.







## જય વડગામા - પાર્થ વડગામા

જાણીતા લેખક બચુભાઇ વડગામા પરિવારના દિપકભાઇ વડગામા અને ઇલાબેનના બંને પુત્રો જય અને પાર્થ બંને માસ્ટર ઓફ ડોક્ટર(એમ.ડી.) બન્યા છે. ડો. જય બરોડામાં સરકારી હોસ્પિટલમાં રેસીડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. જયારે ડો. પાર્થ રાજકોટની સીવીલ હોસ્પિટલમાં સીનીયર રેસીડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. ડો. જય દિપકભાઇ વડગામાનું સન્માન ડો. ભાવિક પંચાસરાએ કર્યું હતું. ડો. પાર્થ દિપકભાઇ વડગામાનું સન્માન શ્રી વિજયભાઇ ઝાલેરાએ કર્યું હતું.

## જૈમીન આમરણીયા

રા. વિ. કે. મંડળના ખજાનચી નીલેશભાઇ અને સરલાબેન આમરણીયાના પુત્ર જૈમીન સી.એ. થયા. છે. હાલ આઇસીઆઇસીઆઇ મુંબઇમાં હોમ ફાયનાન્સમાં મેનેજમેન્ટ ટ્રેઇન તરીકે જોબ કરે છે. નિલેશભાઇની બે દિકરી પણ સી.એ.થઇ છે. જૈમીન નીલેશભાઇ આમરણીયાનું સન્માન કિશોરભાઇ જાદવાણીએ કર્યું હતું.







## બિનલ કલોલીયા

જયેશભાઇ અને અરૂણાબેન કલોલીયાની પુત્રી બિનલ પણ ડોક્ટર થઇ છે. બીડીએસની ડીગ્રી મેળવી હાલ તે ઇન્ટર્નશીપ કરી રહી છે. બિનલ જયેશભાઇ કલોલીયાનું સન્માન નટુભાઇ ભારદીયાએ કર્યું હતું.

## બીનીતા જોલાપરા

રમેશભાઇ જોલાપરા અને હર્ષાબેનની પુત્રી બીનીતા જોલાપરાએ સૌ.યુ.માં પીએચ.ડી.ની ડીગ્રી મેળવી છે. હાલ તે એમ.વી.એમ. કોલેજમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. બીનીતા રમેશભાઇ જોલાપરાનું સન્માન જયુભાઇ તલસાણિયાએ કર્યું હતું.

## મયુરીબેન ત્રેટીયા

પ્રો. ડી. જે. બાવળેચા અને વનીતાબેનની પુત્રી મયુરીબેન ચંદ્રેશભાઇ ત્રેટીયાએ અંગ્રેજી વિષયાં પીએચ.ડી. કર્યું છે. હાલ તે કણસાગરા કોલેજમાં પ્રોફેસર છે. મયુરીબેન ચંદ્રેશભાઇ ત્રેટીયાનું સન્માન મુકેશભાઇ પંચાસરાએ કર્યુ હતું.

# રવિ ટેકનોફોર્જ ૨૦૨૫-૨૬માં ૪૦૦ કરોડનું નવુ યુનિટ સ્થાપશે : શ્રી અમુભાઇ ભારદીયા

## ઓફીસ સંકુલનું સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે ઉદઘાટન









રાજકોટના ગોંડલ રોડ નેશનલ હાઇવે ૫૨ ટોલનાકા પાસે આવેલ રવિ ટેકનોફોર્જ પ્રા.લી.માં એમ.ડી. ચેરમેન શ્રી અમૃતલાલ ભારદીયાની ઓફીસ સાથેના ઓફીસ સંકુલ અને નવા યુનિટનું ઉદ્‌ઘાટન રાજયસભાના સાંસદ શ્રી રામભાઇ મોકરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ જામનગરની કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહના પ્રમુખ કરશનભાઇ ડાંગર, સિફકો કાં.ના ચેરમેન જાગુભાઇ ભારદીયા, ઉદ્યોગપતિ મગનભાઇ બોરાણીયા, ધનજીભાઇ પંચાસરા, જામનગર સુતાર જ્ઞાતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા અને તેની ટીમ, જામનગરના સુભાષ જોષી સહિતના બ્રહ્મસમાજના અગ્રણીઓ તેમજ રાજકોટ ગુ.સુ. જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા અને તેની ટીમ તથા અન્ય સહિત ૫૦ જેટલા ૫૦ જેટલા અન્ય આમંત્રીતોની કુલ ૧૦૦ જેટલા લોકોની હાજરીમાં



આ ઉદઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉદઘાટન પહેલા આમંત્રીતોએ રવિ ટેકનોફોર્જના વિવિધ વિભાગો નિહાળ્યા હતા. શ્રી અમુભાઇ ભારદીયા અને રાજુભાઇ ભારદીયાએ આમંત્રીત મહેમાનોને રવિ ટેકનોફોર્જમાં અપનાવાયેલ નવી ટેકનોલોજી અને શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વચ્છતા અભિયાન અંતગર્ત ફેક્ટરીમાં રહેલા સ્વચ્છતાના દર્શન કરાવ્યા હતા.

સાંસદ શ્રી રામભાઇ મોકરીયા અને ગોવિંદ પટેલે ફેકટરી અને ઓફીસ સંકુલના નિરીક્ષણ બાદ શ્રી અમુભાઇ ભારદીયા અને રાજુભાઇ ભારદીયાને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે અમુભાઇ ભારદીયા, રામભાઇ મોકરીયા વગેરેનું સન્માન જામનગરના ગુ.સુ. જ્ઞાતિના તેમજ બ્રહમસમાજના, રાજકોટ જ્ઞાતિના આગેવાનો વગેરેએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.









ઓફીસ સંકુલના ઉદઘાટન પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં શ્રી અમુભાઇ ભારદીયાએ જણાવ્યું હતું કે ઓફીસ સંકુલનું નિર્માણ રાજુભાઇ ભારદીયા અને તેની ટીમે કર્યું છે. ઓફીસ સંકુલનું ઇન્ટીરીયર પણ તેમણે કર્યું છે.



શ્રી અમુભાઇ ભારદીયાએ કહયુ કે, ચાલુ કું.માં ૧૦૦ કરોડની નવી મશીનરી આવશે અને કંપનીમાં કુલ ૨૨૦ સી.એન.સી. મશીન થશે. જાપાનનું અદ્યતન અને મોંઘી કિંમતના મશીન પણ આવશે. ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં કંપનીનું ૧૦૦ ટકા આધુનિકરણ પૂર્ણ થશે. શ્રી અમુભાઇ ભારદીયાએ ૨૦૨૫-૨૬માં ૪૦૦ કરોડના ખર્ચે નવુ યુનિટ શરૂ કરવાનો લક્ષ્યાંક હોવાનું જણાવી કંપનીનો પબ્લીક ઇશ્યુ લાવવાનું પણ લક્ષ્ય હોવાનું જણાવ્યું હતું.

જામનગરની કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહના પ્રમુખ કરશનભાઇ ડાંગરે કહયું કે, શ્રી અમુભાઇ ભારદીયા પોતાના સમાજ માટે જ નહીં અન્ય સમાજ માટે પણ મોંઘેરૂ અનુદાન આપે છે. અમારા સ્ત્રી વિકાસ સંવર્ધન કેન્દ્ર માટે પણ તેમણે રૂા. ૩૦ લાખનું અનુદાન જાહેર કર્યું છે.

સાંસદ રામભાઇ મોકરીયાએ કહયુ કે, શ્રી અમુભાઇને હું ૩૦ વર્ષથી ઓળખું છું. તેમાં જાત મહેનતી સ્વબળે આગળ આવ્યા છે. તેઓ સુથાર નહીં સર્વ સમાજ પ્રત્યે પણ પોતાની ફરજ નિભાવી અને વિવિધ ક્ષેત્રે અનુદાન આપી રહયા છે. તે પ્રસંશનીય છે. તેઓની દિનપ્રતિદિન પ્રગતિ થાય તેવી શુભેચ્છાની સાથે અમુભાઇનો ઔદ્યોગિક વિકાસ ગ્લોબલ બને તે માટે કેન્દ્ર સરકારમાંથી શકય સહયોગ મળી રહે તે માટે હું પ્રયત્નશીલ રહીશ.

મોકરીયા પરીવાર દ્વારા જાન્યુ.માં યોજાનાર રમેશભાઇ ઓઝાની કથાની વિગતો આપી કહયું કે, કથાનો સંપૂર્ણ ખર્ચ મોકરીયા પરિવાર કરશે. પરંતુ જે કોઇ આવક થશે તેનો ઉપયોગ રાજકોટમાં દર્દીઓ માટે આશીર્વાદ બનેલ પંચનાથ હોસ્પિટલ અને જુવેનાઇલ ડાયાબીટીસની સંસ્થા માટે થશે.

કાર્યક્રમના પ્રારંભમાં શ્રી રામભાઇ મોકરીયાનું સ્વાગત અમુભાઇ ભારદીયાએ, જગુભાઇ ભારદીયાનું સન્માન શ્રી પ્રવીણસિંહ ચુડાસમાએ અને કરશનભાઇ ડાંગરનું સ્વાગત રાજુભાઇ ભારદીયાએ કર્યું હતું.

આ પ્રસંગે રવિ ટેકનોફોર્જના વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં કિશન છાયા અને જીતુ હીરાણીનું સન્માન રામભાઇ મોકરીયાએ, જયેશ મકવાણા અને આનંદ પંચાસરાનું સન્માન જગુભાઇ ભારદીયાએ, હરસુખભાઇ ચાંદેગરાનું સન્માન કરશનભાઇ ડાંગરે, ભોજાભાઇ કારવદરા અને દિવાકર પટેલનું સન્માન અમુભાઇ ભારદીયાએ, સુનિલ કનકીયાનું સન્માન રાજુભાઇ ભારદીયાએ, હિતેશ વાજાનું સન્માન રમણીકભાઇ ગોરચાએ અને હરીશભાઇ બોરડનું સન્માન રસીકભાઇ બદ્રકિયાએ કર્યું હતું.

આભાર દર્શન રાજુભાઇ ભારદીયાએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન નીતેશભાઇ દેડદીયાએ કર્યું હતું.

આમંત્રિત મહેમાનોએ સાથે ભોજન કર્યું હતું.

**(કલર ફોટા માટે જુઓ પાના નં. ૩૫)**

## રાજકોટમાં યોજાઇ ગયેલ

# એન્જિ. એક્સપો-૨૩માં લેઝર ટેકનોલોજીની બોલબાલા

જયંતીભાઇ નગેવાડિયા










રાજકોટ ખાતે તા. ૧૭ થી ૨૦ ડિસેમ્બર-૨૩ સુધી એન્જિ. એક્સપો-૨૩ આજી જીઆઇડીસી પાસેના એનએસઆઇસીના ગ્રાઉન્ડમાં યોજાઇ ગયું. કુલ ૮ ડોમમાં ૩૦૦ જેટલા સ્ટોલમાં આ એક્સપો યોજવામાં આવેલ.

આ એક્ઝીબીશનમાં રાજકોટ ઉપરાંત દેશભરની જાણીતી એન્જિનિયરીંગ કંપનીઓએ પોતાની પ્રોડક્ટ, મશીનરી તથા એન્જિનિયરીંગ ઉદ્યોગમાં વપરાતી ટુલ્સ તથા તેને અનુસંધાને વપરાતી ચીજવસ્તુઓ જોવા મળી. આ એક્ઝીબીશનમાં જો ધ્યાન ખેંચતી બાબત એ જોવા મળી કે એન્જિનિયરીંગ ઉદ્યોગમાં આવેલ નવી લેઝર ટેકનોલોજીની મશીનરી વધુ જોવા મળી. જેમાં હેવી લેઝર પ્રોફાઇલ મશીન જેમાં ૧૦' × ૫' જેવી મોટી સીટમાં ગમે તેવી મોટી કે બારીક ડીઝાઇન વર્ક, પ્રોફાઇલ જેવા કામ પલભરમાં અને એક સરખી એક્યુરસીમાં થતા જોવા મળ્યા. આ ઉપરાંત લેઝર ટેકનોલોજીના અન્ય નાના મશીન પણ જોવા મળ્યા. તેમજ કોઇપણ પાર્ટસ ઉપર બ્રાન્ડ નેમ કે અન્ડ ડેટા લખવાના લેઝર મશીન પણ જોવા મળ્યા. અત્યારના સીએનસી, વીએમસી મશીનનાં એકાદ બે સ્ટોલમાં જ જોવા મળ્યા. રાજકોટની જાણીતી કોઇ કંપનીના સીએનસી પણ જોવા ન મળ્યા. ઓટોમેટીક મેટલ બેન્ડ શો મશીન, હેવી ક્રેઇન(ચેનકપ્પી), હાઇડ્રોલીક તથા ઇલેટ્રીક તેમજ ફેબ્રીકેશન તેમજ સુતારીકામમાં વપરાતા આધુનિક પાવરટુલ્સ, તેમજ વિવિધ પાના પક્કડ, પાઉચ પેકીંગ મશીનરી, સબમર્શીબલ પમ્પ, વોટરપંપ જેવી પ્રોડક્ટ, મશીનમાં વપરાંતા વિવિધ જાતના બેરીંગ, સીએનસી, વીએમસી મશીનમા વપરાંતા વિવિધ ટુલ હોલ્ડર તેમજ તેના ટુલ તેમજ એન્જિનિયરીંગ ઉદ્યોગમાં વપરાતા સેફટીના સાધનો જેવી અનેક પ્રોડક્ટ જોવા મળી.

આ એક્ઝીબીશનમાં એન્જિનિયરીંગ ઉદ્યોગમા વપરાતી પાયાની મશીનરી કહી શકાય તેવા લેથ મશીન, ડ્રીલ મશીન, ગ્રાઇન્ડર, હેક્સો મશીન, મીલીંગ મશીન જેવી મશીનરી જોવા મળી નહીં. પહેલાના એક્ઝીબીશનમાં સીએનસી, વીએમસી મશીન બનાવતી કંપનીઓ વધુ ભાગ લેતી અને મશીન બહુ જ જોવા મળતા. આ એક્ઝીબીશનમાં આ મશીન એકાદ-બે જગ્યાએ જ જોવા મળ્યા. પરંતુ આ એક્ઝીબીશીનમાં આજના સસ્તા અને એક્યુરસીવાળા કામ થઇ ગયા છે તે લેઝર ટેકનોલોજીવાળી અનેક જાતની મશીનરી લાઇવ ડેમો સાથે ચાલુ કંડીશનમાં જોવા મળી.

આવા એન્જિ. એક્ઝીબીશન દ્વારા ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ કારીગરો, નાના કારખાનેદારોને એન્જિનિર્યીંગ ઉદ્યોગમાં આવતી નવી ટેકનોલોજીની મશીનરીની જાણકારી મળે છે તેમજ તે મશીનરી કંઇ રીતે કામ કે છે તે પ્રત્યક્ષ નિહાળવા મળે છે અને આજે નાના લેથ કે અન્ય મશીનરી પર કામ કરતાં કારીગરોને પણ જાણવા મળે છે કે આજે એન્જિનિયરીંગ ઉદ્યોગમાં કેવી કેવી નવી ટેકનોલોજી આપી છે.

આ એન્જિ. એક્સ્પો-૨૩ વિવિધ કંપનીઓ અને સમોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીયલ સંઘ દ્વારા સ્પોન્સર્ડ કરવામાં આવેલ.

# જશુબેન બકરાણીયા લીખીત ભજન હેમંત ચૌહાણના સ્વરમાં યુટયુબ પર

**સમતા પાર્થ ભાડેશીયા**






જાણીતા કવિયીત્રી જશુબેન બકરાણીયા કે જે વર્ષોથી કવિતા-ભજન વગેરેનું સર્જન કરે છે. જશુબેનની અનેક કવિતાઓ ભજન જાણીતા ગાયક કલાકારોએ કંઠસ્થ કરી છે. તાજેતરમાં જ સુપ્રસિદ્ધ કલાકાર હેમંત ચૌહાણ જશુબેન બકરાણિયાએ લખેલ ભજન 'હા એક તારો' પોતાના જ સ્ટુડીયોમાં કંઠસ્થ કરી રેકોર્ડીંગ કરી યુટયુબ પર મુકયું છે. જેને સારો પ્રતિસાદ મળી રહયો છે. જશુબેન લીખીત અને હેમંત ચૌહાણના કંઠે ગવાયેલ ભજન આપ હેમંત ચૌહાણની યુટયુબ ચેનલ પર સાંભળી શકો છો.

એક રચના, આમ તો ભજન રચ્યું છે શીર્ષક છે, 'એક તારો'

## 'એક તારો'

એક તારો  હા.... એક તારો,
મને મળી ગયો છે રૂપાળો.
મને મળી ગયો છે મરમાળો..

ખોળો પ્રભુનો મળી ગયો મને,
હવે લાગે છે ઘરનો માળો...

હાં એક તારો ...
મને મળી ગયો છે રૂપાળો....
મને મળી ગયો છે મરમાળો...

પ્રથમ પહેલું પગલું ભર્યું ત્યાં તો,
આવ્યો છે સંત નો ઉતારો...

હાં એક તારો...
મને મળી ગયો છે રૂપાળો.....
હેજી મને મળી ગયો છે મરમાળો...

આતમ પંખી ઉડીને જાય છે,હવે,
ચણવા ને  મોતી ચારો,...

એક તારો હા .. એક તારો,
મને મળી ગયો છે રૂપાળો,...

હે.. મને મળી ગયો છે મરમાળો..
દીવો ધરે છે, આપણને સંતો ,
તો યે અંધારે કેમ ચાલો,..
હા..એક તારો મને મળી ગયો છે રૂપાળો...
હેજી મુને મળી ગયો છે મરમાળો.....

બંગલો બાંધ્યો તેમાં, મેખ શું! મારી.
ચકલાયે બાંધે છે માળો,

હા... એક તારો...
મને મળી ગયો છે રૂપાળો.....
હેજી મુને મળી ગયો છે મરમાળો...

શુન્ય માં હું સમી ગઈ હવે,
ઉડે છે અબીલ ને ગુલાલો,
હા... એક તારો
મને મળી ગયો છે રૂપાળો,,,,
મને મળી ગયો છે  મરમાળો.
..

**- જશુબેન બકરાણીયા, રાજકોટ**






# શ્રી અમૃત વિદ્યા મંદિરના વાર્ષિકોત્સવની રંગે ચંગે થયેલ ભવ્ય ઉજવણી













શ્રી ગોવિંદીયા ચેરી. એન્ડ એજયુ. ટ્રસ્ટ સંચાલિત શ્રી અમૃત વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ તા. ૨૭-૧૨-૨૦૨૩ બુધવારે સાંજે ૫ થી ૮ કિડ્સ કાર્નિવલ-પ્રતિલોક પાર્ટી પ્લોટની સામે નાના મવા મેઇન રોડ પર યોજવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય કરી પ્રાર્થના-ગીત કરી બાલમંદિરથી ધો. ૧૨ સુધીના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા. આમંત્રિત મહેમાનો વોર્ડ નં. ૧૩ના કોર્પોરેટરના સુપુત્ર શૈલેષભાઇ ડાંગર ભાજપ અગ્રણી, વિશ્વકર્મા વિશ્વના પ્રવીણભાઇ ગજજર, રજવાડી ગ્રુપના મનિષભાઇ પ્રજાપતિ, સાંદીપની સ્કુલના સંચાલક ઉર્વેશભાઇ, રહેવર સ્કુલ સંચાલક રઘુવીરસિંહ તેમજ ઘણી શાખાઓના સંચાલક ભાઇ-બહેનો હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

બાળકોએ પ્રાર્થનાગીતથી કાર્યક્રમ શરૂ કરી આયો રે શુભદિન, આજ સન્ડે હૈ, એનીમલ મૂવી સોંગ(જમાલ કૂડુ), ચાય...ચાય..કોફી.. કોફી..., રણછોડ રંગીલા, ચાકધૂમ, તેરી મીટી(દેશભકિત ગીત), છત્રપતિ શિવાજી મહારાજ, આરંભ હૈ પ્રચંડ હૈ, મિકસ સોંગ આવા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા.

બાલમંદિથી ધો. ૧૨ સુધીના ૧ થી ૩ પ્રથમ, દ્વિતિય-તૃતિય નંબર વાર્ષિક પરીક્ષામાં જેઓએ મેળવ્યા છે. તેઓને મહેમાનોના હસ્તે શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ શાળાના ડાંગર તન્વી ધો. ૧૧ સફળતા વિષે, ધો. ૧૨ વીરડીયા ફોરમ પિતાજીનું મહત્વ અને ગોસ્વામી ગાયત્રીએ મહિલા શકિત વિષે પોતાના સુંદર વિચારો રજુ કર્યા.

કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યાશ્રી માલતીબેન મેસવાણીયા, આચાર્યશ્રી વિશાલભાજી નેનુજી તેમજ સમગ્ર સ્ટાફ ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી કાર્યક્રમ ખુબ સફળ બનાવ્યો.

**અહેવાલ : માલતીબેન મેસવાણિયા,**
**તસવીરો : હસમુખ પિલોજપરા**






# સંચાણિયા પરિવાર દ્વારા યોજાયુ સ્નેહમિલન : મંદિરને સોનાનું દાન

## વિદ્યાર્થીઓ, દાતાઓ અને કલાકારોનું સન્માન







સમસ્ત સંચાણિયા પરિવાર સ્નેહ મિલન સમિતિ દ્વારા તા. ૨૭-૧૨-૨૩ના રોજ ભકિતનગર સ્ટેશન પ્લોટમાં આવેલ શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે સતત પાંચમાં વર્ષે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્ઞાતિ તેમજ વિવિ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.



વડીલો રમેશભાઇ ઇશ્વરભાઇ, રમણીકભાઇ કાનજીભાઇ, રામચંદ્ર ડાયાભાઇ, પ્રવીણભાઇ ડાયાભાઇ, હિંમતભાઇ, દામોદરભાઇ, કિશોરભાઇ અને વલ્લભભાઇના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૧ હજાર કે તેથી વધુ રકમ આપનાર જમણવારના દાતાઓ શ્રી રમણીકભાઇ સંચાણિયા (ઇનોવેટીવ મોલ્ડ), હિમાંશુભાઇ રમેશભાઇ, ભુદરજીભાઇ ત્રિભોવનભાઇ, પ્રવીણભાઇ ડાયાભાઇ, રામચંદ્ર ડાયાભાઇ તેમજ બાળકોની ભેટના રૂા. ૫૦૦૦/-ના દાતા હસમુખભાઇ લાલજીભાઇ અને શ્રી પાઇપ એન્ડ ફીટીંગ તેમજ અન્ય દાતા હિતેશભાઇ લીલાધભાઇ સહિતના દાતાઓનું સન્માન સ્નેહમ્લિન સમિતિના સભ્યો અને વડીલોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ૧૫ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સ્નેહમિલનમાં બાળકોએ તેમજ દીકરીયુએ વિવિધ પ્રકારના વેશભુષા, ડાન્સ વગેરે કાર્યક્રમો રજુ કર્યા હતા. કલાકારોએ કરાઓકે ટ્રેક પર ગીતો પણ રજુ કર્યા હતા. આ તમામ કલાકારોને પણ સ્નેહમિલન સમિતિના સભ્યો દ્વારા સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુર્જર સુતાર જ્ઞાતિનું પણ સંચાણિયા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિ વતી આ સન્માન જ્ઞાતિના ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગરે સ્વીકાર્યું હતું. સંચાણિયા પરિવાર દ્વારા મંદિરને ૨ ગ્રામ સોનાનું દાન પણ હિતેષભાઇ સંચાણિયાના હસ્તે આપવામાં આવ્યું હતું.

જ્ઞાતિના ટ્રસ્ટી દિનેશભાઇ ખંભાયતાએ પ્રાસંગિક ઉદબોધનમાં આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ પરિવારને અભિનંદન આપી ગુર્જર સુતાર જ્ઞાતિના આગામી વિશ્વકર્મા જયંતી અને સમુહલગ્નની માહિતી આપી. અનુદાન આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે આભાર દર્શન હિતેષભાઇ વલ્લભભાઇએ કર્યું હતું. તેઓએ જ્ઞાતિના કાર્યક્રમોમાં સેવા આપવાની અપીલ કરી. આ અંગે નામો નોંધાવવા અપીલ કરી હતી અને સાથોસાથ સંચાણિયા પરિવારની એકતા અને સંગઠીતતા માટે સહિયારો પ્રયત્ન કરવા જણાવ્યું હતું. સ્નેહમિલનમાં ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી હતી. કાર્યક્રમનું સંચાલન અલયભાઇ ધર્મેશભાઇ અને ખુશ્બુબેન પ્રતિકભાઇએ કર્યું હતું.

સ્નેહમિલન સમિતિના પ્રમુખ આશિષભાઇ દિલીપભાઇ, ઉપપ્રમુખ હિતેષભાઇ વલ્લભભાઇ, મંત્રી રવિભાઇ પ્રવીણભાઇ, સહમંત્રી ધર્મેશભાઇ રામચંદ્રભાઇ, ખજાનચી ચેતનભાઇ છોટાલાલ, સહ ખજાનચી ચિરાગભાઇ ચેતનભાઇ, કારોબારી સભ્યો ભાવિનભાઇ વિનોદભાઇ, ધુમીતભાઇ અશોકભાઇ, અંકુરભાઇ હસમુખભાઇ, મિતલભાઇ રમણીકભાઇ, કૌશિકભાઇ પોપટભાઇ, મંગેશભાઇ રવજીભાઇ, ગીરીશભાઇ મગનભાઇ, દુષ્યંતભાઇ મનહરભાઇ, કલ્પેશભાઇ કિશોરભાઇ, કિરીટભાઇ લલીતભાઇ વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું. કાર્યક્રમ બાદ સમુહ ભોજનની સૌએ મોજ માણ્યા બાદ રાસ-ગરબાની રમઝટ માણી હતી.

# મેસવાણિયા પરિવારમાં ઉજવાયો અનેરો ઉત્સવ

## સુરાપુરાદાદાની જગ્યાનું ભૂમિપુજન - હવન - સ્નેહમિલન - સત્કાર સમારંભ













મેસવાણિયા પરિવારે પરિવારના સુરાપુરાદાદાનું સ્થાનક દેવડા ગામમાં છે એ વાડીની જગ્યા ખરીદી લેવાનું સ્વપ્ન સાકાર કર્યું. આ વર્ષે આ જગ્યાની ખરીદી થઇ ગઇ એ અનેરા અવસરમાં ભૂમિપૂજન તા. ૨૫-૧૧-૨૦૨૩, શનિવારના રોજ કરવામાં આવ્યું.

રાત્રે બધાએ ભોજન બાદ સ્નેહમિલનનો કાર્યક્રમ કર્યો. જેમાં દેવડા ગામની જગ્યા લેવામાં ફાળો આપના દરેક દાતાશ્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. અને બાલમંદિરથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવ્યા.

મેસવાણિયા પરિવારની દીકરી માલતીબેન મેસવાણીયાએ આ વર્ષે રાજકોટ શહેરમાંથી બેસ્ટ ટીચર એવોર્ડ મેળવ્યો. તેમને મેસવાણિયા પરિવાર વતી શિલ્ડ આપી વિશેષ પ્રતિભા તરીકે સન્માનિત કરવામાં આવ્યા.

ગત વર્ષના આવક જાવકનો હિસાબ રજુ કરવામાં આવ્યો. ભવિષ્યમાં સંચાલન માટેના ફેરફારો અને વડીલોના સુચન મુજબ જરૂરી સુધારા થયા.

તા. ૨૬-૧૧-૨૩ રવિવારે વહેલી સવારથી કુળદેવી માતાજીના યજ્ઞ પ્રારંભ કર્યો. આ વર્ષના હવનના સ્પોન્સર શ્રી કિરીટભાઇ કેશવજીભાઇ મેસવાણિયા (લંડન) હતા. આ હવનમાં પરિવારના બે યુગલો બેસે છે જેમાં બીજા મનિષભાઇ કરશનભાઇ મેસવાણિયા સહદંપતિ બેઠેલા બપોરના ૨.૩૦ વાગ્યે બીડું હોમવામાં આવ્યું. બપોરના બધાએ સાથે ભોજન સાથે લીધું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ વિનુભાઇ, ઉપપ્રમુખ યોગેશભાઇ, મંત્રી મનસુખભાઇ, સહમંત્રી હરેશભાઇ, ખજાનચી હિરેનભાઇ તમામ, કમિટી મેમ્બર્સ તથા કાર્યકર્તા વિવેકભાઇ, શૈલેષભાઇ, શ્રેયાંશભાઇ, પાર્થભાઇ અને સમસ્ત મેસવાણીયા પરિવારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ અને સુંદર બનાવ્યો.

ભૂમિપૂજન, દાતાઓનું સન્માન અને વિદ્યાર્થીઓના સન્માન અને યજ્ઞની યાદગીરી રૂપે પરિવારના યુવા કાર્યકર ભરતભાઇ બળવંતભાઇ મેસવાણીયાએ આ સ્મૃતિઓ કેમેરાની મદદથી સાચવી હતી. કાર્યક્રમમાં દરેક સભ્યોનો સહકાર મળેલ એ બદલ પરિવારના પ્રમુખ વિનોદભાઇએ આભાર વ્યકત કર્યો હતો.

**અહેવાલ : માલતીબેન મેસવાણિયા**

# ખંભાયતા પરિવાર દ્વારા બાંદરા (ગોંડલ) ખાતે સુરાપુરાના સ્થાનકે યજ્ઞ યોજાયો





બાંદરા (ગોંડલ) ખાતે આવેલ ખંભાયતા પરિવારનાં સુરાપુરાદાદા વાઘજીબાપાના સ્થાનકે તા. ૨૪-૧૨-૨૩ રવિવારનાં રોજ દ્વિતિય યજ્ઞનું આયોજન ક્રવામાં આવેલ.

મે માસમાં પ્રથમ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ ત્યારે જ નકકી થયા મુજબ આ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ યજ્ઞનાં આગલા દિવસે પરિવારની યુવા ટીમ દ્વારા સુરાપુરા દાદાની જગ્યાને સુશોભન કરવામાં આવેલ અને યજ્ઞ બધી તૈયાર કરેલ. યજ્ઞનો પ્રારંભ સવારે ૭ વાગ્યે કરવામાં આવેલ અને બપોરે ૧૨ કલાકે ખંભાયતા પવિારના પરિવારજનોની હાજરીમાં બીડુ હોમવામાં આવેલ. આ યજ્ઞમાં યજમાન તરીકે બે પરિવાર બેઠા હતા. જેમાં ચીમનભાઇ મનસુખભાઇ (અમદાવાદ) તથા દેવાંગભાઇ વિનોદભાઇ (રાજકોટ) હતાં. આવતા વર્ષે યોજાનાર યજ્ઞમાં યજમાન તરીકે બે પરિવારે પોતાના નામ નોંધાવી દીધા છે.



યજ્ઞની સાથે બાંદરા ગામની શાળાના વિદ્યાર્થીઓ માટે બટુક ભોજનનું આયોજન પણ કરવામાં આવેલ. જેમાં ૯૦ જેટલા બાળકોએ ભોજનપ્રસાદ લીધો હતો અને તેમને ભેટ પણ આપવામાં આવેલ.

જુદા જુદા ગામ-શહેરમાંથી પધારેલા પરિવાજનો તથા પરિવારની બહેન-દિકરીઓ મળી અંદાજે ૨૫૦ જેટલી વ્યકિતઓએ ગામની લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે ભોજન પ્રસાદ લીધો હતો.

આ યજ્ઞના આયોજનને સફળ બનાવવા માટે ખંભાયતા પરિવારનાં અગ્રણીઓ અશોકભાઇ જાદવજીભાઇ, વિનોદભાઇ ધરમશીભાઇ, ધનજીભાઇ લાલજીભાઇ, સુરેશભાઇ ભગવાનજીભાઇ, દિનેશભાઇ નાનજીભાઇ તથા અંકિતભાઇ હર્ષદભાઇ તેમજ યુવા કાર્યકરો તેમજ બાંદરાગામના આગેવાનોએ પણ જહેમત ઉઠાવેલ.

**અહેવાલ : અંકિતભાઇ ખંભાયતા - ગોંડલ**

# સમસ્ત મચ્છુકઠીયા ગુ.સુ. જ્ઞાતિનું સ્નેહમિલન ટુંક સમયમાં થશે : દિલીપ ભારદીયા

## જામનગર કે રાજકોટમાં થશે ભવ્ય આયોજન



સૌરાષ્ટ્રભરના ગુર્જર સુતાર જ્ઞાતિના સંગઠન અને સર્વાંગી વિકાસ માટે બનાવવામાં આવેલ સમસ્ત મચ્છુકઠીયા ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા ટુંક સમયમાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવનાર છે. આ સંમેલનમાં સૌરાષ્ટ્રભરની મચ્છુકઠીયા પરિવારના વધુને વધુ લોકો ભાગ લે તેવું આયોજન થઇ રહયું છે. આ સંમેલન જામનગરના આંગણે અથવા રાજકોટના આંગણે આયોજીત કરવાનું વિચારવામાં આવી રહયુ હોવાનું સંગઠનના હોદ્દેદાર એવા જામનગર ગુ.સુ. જ્ઞાતિના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

આગામી સંમેલન અંગે માહિતી માટે શ્રી દિલીપભાઇ ભારદીયા-જામનગર(મો. ૯૮૨૪૮ ૯૫૦૦૭)નો સંપર્ક કરવા પણ જણાવાયું છે.

# મુંબઇ : તુષારભાઇ કથ્રેચાના પુત્ર નીકેશે યુકેમાં માસ્ટરડિગ્રી મેળવી





મુંબઇ વિશ્વકર્મા બાગના સેક્રેટરી તુષારભાઇ અને આશાબેનના પુત્ર નીકેશને લંડનમાં Laugh borough યુનિવર્સિટી ઓફ યુ.કે.માં માસ્ટર ઓફ સાયન્સ ઇન સ્પોર્ટસ એન્ડ લીડરશીપની ડીગ્રી મેળવી છે. ૧૪ ડિસેમ્બરના રોજ યુનિવર્સિટી ખાતે દબદબાભર્યા સમારંભમાં નીકેશ કથ્રેચાને આ ડીગ્રી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

નીકેશ કથ્રેચાએ મુંબઇમાં એમબીએની ડિગ્રી મેળવ્યા બાદ યુ.કે. જઇને અભ્યાસ કર્યો હતો. નીકેશ કથ્રેચા આગળની કારકિર્દી યુ.કે. કે અમેરિકામાં આગળ વધારશે. તુષારભાઇની પુત્રી એના કથ્રેચા શાહ અમેરિકા સ્થાયી થઇ છે.

નીકેશના પિતા તુષારભાઇ કથ્રેચા મુંબઇ વિશ્વકર્મા બાગમાં ૨૦૧૯ થી ૨૨ની ટર્મમાં ટ્રસ્ટી હતા અને ત્યારબાદ ૨૦૨૨-૨૦૨૫ની ટર્મમાં સેક્રેટરી તરીકે કાર્યરરત છે. તુષારભાઇ કથ્રેચા સામાજીક-રાજકીય ક્ષેત્રે પણ કાર્યરત છે. તેઓ ફોરેન અફે સેલ (મુંબઇ-બીજેપી)માં જનરલ સેક્રેટરી છે અને હયુમન રાઇટસ અને આરટીઆઇના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે પણ કાર્યરત છે. ૬ માસ પહેલા તેની સુપ્રસિદ્ધ નહેરૂ સેનેટોરીયમમાં પણ પસંદગી થઇ છે.

નીકેશ વધુ સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ તરફથી શુભેચ્છા...

# વિશ્વકર્મા પ્રભુજીના સાંનિધ્યમાં મહિધરીયા પરિવારનું સ્નેહ મિલન







દિપોત્સવી પર્વ બાદ નવા વર્ષે રાજકોટમાં વિવિધ પરિવારો દ્વારા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે. રાજકોટના મહિધરીયા પરિવાર દ્વારા પણ આ વર્ષે તા. ૨૪-૧૨-૨૩ના રોજ દિવાનપરામાં આવેલ શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલનમાં રાજકોટ ઉપરાંત લીંબડી, જામનગર, સિકકા, જુનાગઢ, અમદાવાદ જેવા શહેરમાંથી પણ મહિધરીયા પરિવારના સદસ્યોએ ઉપસ્થિત રહીને સ્નેહમિલનનો આનંદ માણ્યો હતો.

સ્નેહમિલન પ્રસંગે સૌએ વિશ્વકર્મા પ્રભુજીની આરતી તેમજ દીપમાળાનો દર્શન-લાભ લઇ ધન્યતા અનુભવી હતી. બાદમાં સૌએ સ્વરૂચી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

મહિધરીયા પરિવારના કેતનભાઇ એમ., મુકેશભાઇ એમ., અક્ષયભાઇ એમ., અંકુરભાઇ એસ., પિન્ટુભાઇ ડી., હિતેશભાઇ આર., કલ્પેશભાઇ બી., મનુભાઇ આર., હિતેશભાઇ જી., રાહુલભાઇ એસ., બટુકભાઇ કે., સહિતનાઓએ આયોજનને સફળ બનાવ્યું હતું. સ્નેહ મિલનમાં ગુર્જર સુતાર જ્ઞાતિનો કારોબારી ટ્રસ્ટી ગુર્જર સુતાર જ્ઞાતિનો કારોબારી ટ્રસ્ટી મંડળે પણ હાજરી આપી હતી.

**અહેવાલ : કેતનભાઇ મહીધરીયા**

# કલોલીયા પરિવાર દ્વારા ભાડવા ખાતે સ્નેહમિલન યોજાયુ



## ૧૨ વર્ષના ભોજનના દાતાઓનું સન્માન



















કલોલીયા પરિવારના ભાડવા ગામે બિરાજતા સુરાપુરાદાદાના સાનિધ્યમાં તા. ૩ નવેમ્બરના રોજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે સુરાપુરા દાદાના સ્થાનકે પુજનવિધિ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને શીલ્ડ અને રોકડ ઇનામ અને ૨૦૧૧થી આજ દિવસ સુધી જે દાતાઓએ સ્નેહમિલન માટે અનુદાન આપ્યું છે. તેવા તમામ દાતાઓનું આગેવાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જેનુ સન્માન કરવામાં આવ્યું. તેમાં અમદાવાદના સુંદરજીભાઇ નાનજીભાઇ, પરેશભાઇ સુંદરજીભાઇ, પ્રવીણભાઇ અરવિંદભાઇ, પરેશભાઇ સુંદરજીભાઇ, જીજ્ઞેશ પ્રવીણભાઇ, દ્વિપલ ગીરીશભાઇ, કનુભાઇ જયંતીભાઇ, વિક્રમભાઇ વિનુભાઇ, રાજકોટના ચંદ્રેશભાઇ નટુભાઇ, દિલીપભાઇ રતીભાઇ, બિપીનભાઇ વલ્લભભાઇ, જામનગરના ભરતભાઇ જમનાદાસભાઇ બાવળાના અતુલભાઇ સત્યદેવભાઇ વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ભોજન સમારંભ અને રાસગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી હીરેનભાઇ કલોલીયા, બીપીનભાઇ કલોલીયા સહિતની કાર્યવાહક કમિટીએ આયોજન સફળ બનાવ્યું હતું.

યુવા કમિટી : હિરેનભાઈ દિલીપભાઈ કલોલીયા (રાજકોટ), રાહુલભાઈ હરેશભાઈ કલોલીયા (રાજકોટ), મિલનભાઈ રાજેશભાઈ કલોલીયા (રાજકોટ).

વડીલોના માર્ગદર્શન હેઠળ : બીપીનભાઈ વલ્લભભાઈ કલોલીયા (રાજકોટ), ચંદ્રેશભાઇ નટુભાઈ કલોલીયા (રાજકોટ), દિલીપભાઈ રતિભાઈ કલોલીયા (રાજકોટ), મુકેશભાઈ વલ્લભભાઈ કલોલીયા (રાજકોટ). **(અહેવાલ : હિરેન કલોલીયા)**

## જેમ્સ ઓફ ગુજરાત

# જય છનીયારાને આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રીબ્યુશન ટૂ ઈન્ડિયન કોમેડીનો એવોર્ડ એનાયત કરાયો

જાગરણ પ્રકાશન લિ.ની ગુજરાતી ડિજીટલ આવૃત્તિ ગુજરાતી જાગરણને એક વર્ષ પૂર્ણ થયું છે. આ એક વર્ષની ઉજવાણીના ભાગે રૂપે ૧૯ ડિસેમ્બરના રોજ જેમ્સ ઓફ ગુજરાત કોન્કલેવ એન્ડ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા અને પ્રતિભાશાળી વ્યક્તિત્વને તેમના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોને પ્રેરક ઉદ્દબોધન પણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમારોહ દરમિયાન આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રીબ્યુશન ટૂ ઈન્ડિયન કોમેડીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આઉટસ્ટેન્ડિંગ કન્ટ્રીબ્યુશન ટૂ ઈન્ડિયન કોમેડીનો એવોર્ડ મુખ્યમંત્રીના હસ્તે જય છનીયારાને એનાયત કરવામાં આવ્યો હતો.

કોર્ટયાર્ડ બાય મેર્યોટ હોટલમાં આયોજીત આ ઈવેન્ટમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવો દ્વારા પ્રેરણાદાયક ઉદ્દબોધન કરીને ઉદ્યોગ જગતના ઉજ્વળ ભવિષ્ય અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતી જાગરણના સિનીયર એડિટર જીવન કુપરિયાએ ઉપસ્થિત મહાનુભાવોને આવકાર્યા હતા.

આ ઈવેન્ટમાં ન્યૂ જાગરણ મીડિયાના સીઈઓ ભરત ગુપ્તા, વાઈસ પ્રેસિડન્ટ અને એડિટર ઈન ચિફ રાજેશ ઉપાધ્યાય, સીઓઓ ગૌરવ અરોરા સહિતના જાગરણ સમૂહના પ્રતિષ્ઠત મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતા.







જેમના હસ્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રી બળવંતસિંહ રાજપૂત અને ઉપસ્થિત મહાનુભાવોનું મોમેન્ટ આપી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.

જાગરણ ન્યૂ મીડિયાની આ ન્યૂઝ વેબસાઈટ ગુજરાતી જાગરણે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છું. આપ સૌ જાણો જ છો કે ગુજરાતમાં બનતી કોઈ ઘટના હોય કે દેશ-વિદેશમાં બનતી ઘટના તેનું ઝડપી અને વિશ્વસનિય કવરેજ કરવામાં ગુજરાતી જાગરણનું નામ આગળ પડતું રહ્યું છે. એક વર્ષના આ ટૂંકાગાળામાં અસાધારણ પ્રદર્શન કરી પોણા ત્રણ મિલિયનના મંથલી યૂઝરના બેંચમાર્કને ગુજરાતી જાગરણે પાર કર્યો છે. જાગરણ ગુજરાતી ''જેમ્સ ઓફ ગુજરાત'' ની રજૂઆત એ ગુજરાતમાં અસાધારણ વ્યક્તિઓ, સંસ્થાઓ અને પહેલોને સન્માનિત કરવા માટે સમર્પિત એક વિશિષ્ટ પ્લેટફોર્મ છે.

આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અને કોન્ફરન્સ ઈવેન્ટને ઉદ્યોગસાહસિકતા, નવીનતા, સામાજિક પ્રભાવ અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં રાજ્યના વિવિધ માઈલસ્ટોનને પ્રકાશિત કરવા માટે રચવામાં આવી છે. ગુજરાતની વાઈબ્રન્ટ સ્પિરિટ, તેનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને તેના સારને વ્યાખ્યાયિત કરતી ઉત્કૃષ્ટ સિદ્ધિઓની ઉજવણી કરવામાં આવી.

# અમદાવાદ યુવક સંઘ દ્વારા ડીઝીટલ પરિવાર ગ્રંથ બનશે

## પરિવાર ગ્રંથ માટે ફોર્મ મેળવી ભરી રજુ કરો : ધર્મેન્દ્ર દેવળીયા

અમદાવાદ સ્થિત શ્રી સૌરાષ્ટ્ર ગુર્જ સુથાર યુવક સંઘ દ્વારા સમાજના પરિવાર ગ્રંથ માટે ssparivar.com નામની વેબસાઇટ બનાવવામાં આવી છે. પરિવાર ગ્રંથ માટે ફોર્મ બનાવવામાં આવ્યા છે. આ ફોર્મ નજીકની સંસ્થામાંથી મેળવી અને ભરીને સંસ્થામાં પરત કરવાનું રહેશે. ફોર્મ મળ્યે વેબસાઇટ પર એન્ટ્રી કરવામાં આવશે.




કુટુંબના બધા સભ્યોની માહિતી સાથેનું ફોર્મ સંસ્થાને મળતાની સાથે કાર્યકર્તાઓ ફોર્મની માહિતી એન્ટર કરશે અને ત્યારબાદ ફોર્મ ભરનારને ફેમીલી કોર્ડ આપી ફોર્મ ભરનારને જાણ કરશે.

આ વેબસાઇટમાં (૧) ઝોન મુજબ પરિવારની ડીઝીટલ કોપી (૨) અટક પ્રમાણે પરિવાર ગ્રંથ ડીઝીટીલ કોપી (૩) શિક્ષણ સમિતિના કાર્યને લગતી માહિતી (૪) પરણવા ઇચ્છુક યુવક-યુવતીની માહિતી (૫) સમુહલગ્નના રજીસ્ટ્રેશન તથા અન્ય કાર્ય અંગેની માહિતી (૬) વ્યાપારી સમુહ જેવા કે ડોકટર્સ, ઇન્ટીરીયલ્સ, શિક્ષક-પ્રોફેસર વગેરે. (૭) જોબ મેળવતા ઇચ્છતા યુવક-યુવતીઓને સલાહ તથા સહકાર બાબતની વિગતો પ્રાપ્ત થઇ શકશે.

આ ફોર્મ અંગે સગા-સંબંધીઓને જાણ કરી વધુને વધુ ફોર્મ ભરાય તેવા પ્રયત્નો કરવા જણાવાયું છે. પરિવાર ડીઝીટીલ ગ્રંથ માટેના ફોર્મ વેબસાઇટ ssparivar.comની લીંક પર લીંકની જમણી બાજુ લાલ કલરનો ફકરો છે. તેની નીચે ડાઉનલોડ બતાવ્યું છે તે ડાઉનલોડ કરવાથી ફોર્મ મેળવી શકાય છે. ફોર્મ ભરી સંસ્થા કે કાર્યકર્તાઓને આપી શકાય છે.

ફોર્મ કોમ્પ્યુટરમાં એન્ટ્રી થયા બાદ ફોર્મ ભરનારને કોડ નંબર મળતાની સાથે વેબસાઇટમાંથી કુટુંબની માહિતી અંગ્રેજી, ગુજરાતીમાં મેળવી શકાશે. યોગેશભાઇ મોડાસીયા કે જેઓએ ૧૯૯૪ અને ૨૦૦૨માં પણ પરિવાર ગ્રંથ માટે મોટુ યોગદાન આપ્યું હતું. આ વખતે પણ આપી રહયા છે.

ડીઝીટલ પરિવાર ગ્રંથના માધ્યમથી સંગઠીતતા પણ ઉભી થશે. આ માટે સહિયારો પ્રયાસ કરવા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને કમિટીએ અપીલ કરી છે.

## વિશ્વકર્મા વિશ્વ

## લેખકોને...



**વિશ્વકર્મા વિશ્વ ફેબ્રુઆરી-૨૪માં ૨૧માં વર્ષમાં પ્રવેશ કરી રહયું છે. આ નિમિત્તે વિશ્વકર્મા વિશ્વ જન્મદિન વિશેષાંક પ્રસિદ્ધ થશે. ફેબ્રુઆરી-માર્ચના આ સંયુકત અંક માટે લેખકોને વાર્તા-કાવ્ય, માહિતી લેખ સહિતની વાચન સામગ્રી મોકલવા આમંત્રણ છે.**

**કૃતિ મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-જાન્યુઆરી-૨૦૨૪**

**સંપર્ક : પ્રવીણ ગજ્જર (મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫) - E-mail : vishwakarmavishwa@yahoo.com**

# શિયાળુ વાનગીઓ

શુભદા ભટ્ટી

## (૧) ચાપડી-તાવો

**ચાપડી માટે :**

- ઘઉંનો જાડો લોટ ..... ૧ બાઉલ
- રવો.................. ૨ થી ૩ ચમચી
- તલ સફેદ............ ૨ થી ૩ ચમચી
- જીરૂ પાવડર........... ૧ ચમચી
- મીઠુ .................. સ્વાદ મુજબ
- તેલ.................. મોણ માટે/ ..................... તળવા માટે
- હુંફાળું પાણી ......... જરૂર મુજબ

**શાક બનાવવા માટે :**

- બટાકા ટુકડા .......... ૧ કપ
- ગાજર ટુકડા........... ૧/૨ કપ
- રીંગણ ટુકડા .......... ૧/૨ કપ
- ફલાવર ટુકડા ......... ૧/૨ કપ
- કોબી ટુકડા............ ૧/૨ કપ
- ચોળી જીણી સુધારેલ ૧/૪ કપ
- ગુવાર સુધારેલ........ ૧/૪ કપ
- લીલા તુવેર........... ૧/૪ કપ
- લીલા વટાણા ........ ૧/૪ કપ
- લીલી ડુંગળી સુધારેલ ૧/૨ કપ
- લીલુ લસણ સુધારેલ. ૧/૨ કપ
- લીલા ચણા .......... ૧/૪ કપ
- ટમેટા જીણા સુધારેલ. ૧/૨ કપ
- લીલા મચા સુધારેલા. ૩ થી ૪ નંગ
- કોથમીર............... ૧/૪ કપ
- તજ.................. ટુકડો
- લવીંગ ............... ૪ થી ૫ નંગ
- તમાલપત્ર............ ૨ નંગ
- જીરૂ ................. ૨ નંગ
- સુકા લસણની પેસ્ટ... ૧ ચમચી
- મીઠુ ................. સ્વાદ મુજબ
- મરચુ લાલ .......... ૧ ચમચી
- હળદર ............... ૧/૨ ચમચી
- ધાણાજીરૂ............ ૧ ચમચી
- બાદિયા.............. ૧ નંગ
- સુકા લાલ મરચા ..... ૧ થી ૨ નંગ
- તેલ.................. જરૂર પ્રમાણે
- લીંબુ ................ ૧ ચમચી

**બનાવવાની રીત :**



સૌપ્રથમ એક વાસણમા લોટ, રવો, તલ, જીરૂ પાવડર, મીઠુ, જરૂ પડતુ મોણમાં તેલ લો. મોણ મુઠી પડતુ લેવાનું રહેશે. પછી હુંફાળા પાણીથી લોટ બાંધી લેવો. મોટો લુવો લઇને થોડી થીક સાઇઝની પાટલી ઉપર ચાપડી બનાવી લો. ગરમ તેલમાં તળી લો. ગેસ એકદમ ધીમો રાખવાનો છે. એકદમ ક્રિસ્પી બનાવી લો.

બધુ જ શાકને જીણુ સમારીને ધોઇ લો. એક કુકરમાં ૩ થી ૪ ચમચી તેલ લો. તેમાં જીરૂ, તમાલ પત્ર, બાદિયા, તજ, લવીંગ, સુકા લાલ મરચા એડ કરો. પછી તેમાં લીલી ડુંગળી, લીલુ લસણને સાંતળો. તેમાં ટમેટા, લીલા મરચા, કોથમીર, લસણની પેસ્ટ, મરચુ હળદર, ધાણાજીરૂ, એડ કરી મિકસ કરવું. પછી તેમાં સુધારેલ શાક એડ કરી. મીઠુ એડ કરી બધુ મિકસ કરી જરૂર મુજબ પાણી એડ કરવું. અને ૪ થી ૫ વિસલ વગાડવી કુકમાં, કુકર ઠરી જાય પછી ખોલીને તાવાને ચન કી લેવો. પછી તેમાં છેલ્લે લીંબુનો રસ એડ કરવો. જો તાવો વધો ઘટ્ટ લાગે તો પાણી એડ કરીને થોડો પતલો બનાવી શકાય.

## (૨) ઘુટો :

**સામગ્રી :**

- મગદાળ ................... ૧/૨ કપ
- ચણાદાળ .................. ૧/૨ કપ
- અડદ દાળ ................. ૧/૨ કપ
- બટાકા કટકા ............... ૧/૨ કપ
- પાલક સુધારેલ ............ ૧/૨ કપ
- ફણસી ..................... ૧/૪ કપ
- કેપ્સીકમ કટકા............... ૧/૪ કપ
- રીંગણ કટકા ............... ૧/૪ કપ
- વાલોળ ..................... ૧/૪ કપ
- લીલી તુવેરના દાણા ....... ૧/૪ કપ
- લીલા વટાણા ............. ૧/૪ કપ
- દુધી કટકા ................ ૧/૪ કપ
- લીલા ચણા ............... ૧/૪ કપ
- ટામેટા ..................... ૧/૨ કપ
- લીલુ લસણ સુધારેલ....... ૧/૨ કપ
- લીલી ડુંગળી સુધારેલ ...... ૧/૨ કપ
- આદુ પેસ્ટ ................. ૨ ચમચી
- લીલા મરચા (તીખા)...... ૨ ચમચી
- કોથમીર ................... ૧/૪ કપ
- ગાજર કટકા................. ૧/૪ કપ
- મીઠુ ...................... જરૂર મુજબ
- પાણી...................... જરૂર મુજબ

**બનાવવાની રીત :**

સૌપ્રથમ દાળને સાફ કરી પાણીથી બરોબર ધોઇ લેવી. ત્યારબાદ બે ગ્લાસ પાણી નાખી, અડધો કલાક પલાળો. બધા જ શાકને પાણીથી બરાબર ધોઇને જીણા કટકા કી લેવા. મિકસરમાં આદુ-મરચાની પેસ્ટ તૈયાર કરી લેવી. ગેસ પર કુકર લો. તેમાં ૩ થી ૪ કપ પાણી ગરમ મુકો. પાણી ઉકળે એટલે તેમાં બટાકા, ફણસી, કેપ્સીકમ, રીંગણ, વાલોળ, તુવેરના દાણા, લીલા વટાણા, દુધી, પાલક, લીલા ચણા, ટામેટા, લીલુ લસણ, લીલી ડુંગ્ળી, આદુ મરચાની પેસ્ટ, ગાજર, મીઠુ એડ કરી ચમચા વડે બરાબર મિકસ કરો.

જયાં સુધી શાક ઉકળવા ના લાગે ત્યાં સુધી હલાવો. હવે પલાળી દાળને કુકરમાં લો અને માંડુ એડ કરીને ઢાંકણ બંધ કરીને મીડિયમ તાપે ત્રણ થી ચાર સીટી કરો પછી કુકર ઠંડુ થઇ જવા દો. કુકર ઠરી જાય પછી તેમાં બધું જ શાક દાળમાં એડ કરી ધીમા ગેસ પ ચડવા મુકો અને ચમચા વડે એક રસ થાય ત્યાં સુધી હલાવવું. જરૂર પડે તો અડધો કપ પાણી એડ કરો. ઘુટો ઘટ્ટ થોડો થાય ત્યાં સુધી હલાવવું. જરૂર પડે એટલું સ્વાદ પ્રમાણે મીઠું નાખવું.

નોંધ : ઘુટાને બાજરાના રોટલા સાથે ખવાય છે. ઘુટામાં તમે મનગમતા શાક પણ એડ કરી શકો છો.

# મુઇ મોંઘવારી રે પાનબાઇ

**– અછાંદસ કવિતા**

અરેરે જોવો તો ખરા ! મોંઘવારી એ મુકી છે કેવી માઝા?
મુઇ દિવસે ના વધે એટલી રાતે વધે રે પાનબાઇ !

ચીજવસ્તુઓના દામ વધ્યા કરે હિમ-ગીર પહાડની જેમ,
માણસની આવક એટલી કેમ ના વધે રે પાનબાઇ ?

કુવા જેવડી આવક, અસીમ દરિયા જેવા ખર્ચાઓ,
એમાં ટીપે ટીપે સરોવર કેમ ભરીશું રે પાનબાઇ ?

સંયુકત કુટુંબ ને તાવડી તેરવાના માંગે, કંઇ
લોટમાં તો લીટા કરતા નથી રે પાનબાઇ !

એક સાંધતા તેર ટૂટે, જમા-ઉધાર ખાતા કંઇ
સરભર થાય નહીં, એમાં બે પાંદડે કેમ થાય રે પાનબાઇ ?

વ્યાજના ચકરડામાં કયારેય ફસાવુ નહી, આપણે તો
પછેડી એટલી જ સોડ તાણી રે પાનબાઇ !

ખોટા ખોટા વાયદાઓને, મોટામોટા વચનો આપ્યા કરે,
મુઇ સરકાર કરે છે શું વિકાસ રે પાનબાઇ ?

**- ભાવિન કથેચા (રાજકોટ)**

# સ્વયંને છોડી દે

**– અછાંદસ કવિતા**

તારી જાતને તું ઇશ્વર સાથે જોડી દે,
નદીમાં તૃણની માફક સ્વયંને છોડી દે.

સફર ખેડવાના છે અભરખા અમને,
કા દરિયો કા તો પછી હોડી દે.

નથી કોઇ નિસબત એને તારી સાથે,
ભલે તું આભ તણા તારાય તોડી દે.

અવહેલનાની સોઇ ચુભાવે ભલે સૌ,
શું ફરક પડે ? એકાદ ખીલો તું ખોડી દે.

મુકામ સુધી પહોંચવું સહેલુ તો નથી,
ચડે ન હાંફ ત્યાં સુધી બસ તુ દોડી દે.

ધાર્યુ પરિણામ કયાં છે સૌના ભાગમાં ?
તારી ઇચ્છા એ ફળ મુજ મોડી દે.

રમત અમને કયાં આવડે છે ! એવી કે
જે ન મળ્યું તેને તોડી કા મરોડી દે !

**- તૃપ્તિ ગજ્જર (જાફરાબાદ)**

# "વડીલોને વંદન"

બચપણ અમારૂં યાદગાર બનાવવા,
પોતાની આખી આયુ ખપાવી નાખનાર,
એવા વડીલોને વંદન.
મુસીબતો માં ખંભે ખંભો મિલાવે,
એકલતામાં મિત્રની ખોટ પુરાવે,
એવા વડીલોને વંદન
મૂંઝવણ જો કરે ઘેરાવો જિંદગીમાં,
ત્યાં રસ્તા બતાવે,
એવા વડીલોને વંદન.
ભલે વધે ઉંમર અમારી, તોય લાડ લડાવે,
એવા વડીલોને વંદન.

નર્ક છે એ ઘર જ્યાં નથી વડીલોના સન્માન,
સદા કડવા ઘૂંટડા પીને હસતા,
એવા વડીલોને વંદન.
આપણી પાસે છે અઢળક આધુનિકતા,
એમની પાસે છે અઢળક અનુભવો,
એવા વડીલોને વંદન.
વર્ષોથી ભટકે માનવી પ્રભુ મેળવવા,
બે ઘડી બેસે વડીલ સંગ,
સાક્ષાત સ્વર્ગ ઉતારે,
એવા વડીલોને વંદન.

**- મનીષા ગજ્જર, જામનગર.**

# REQUIREMENTS

**LEADING MANUFACTURING COMPANY GIVES YOU OPPORTUNITY FOR YOUR LIFE: @RAJKOT**

## Export Manager – 02

**Qualifications:** Graduate/ Post Graduate in any Stream (in international business, logistics, or in related field is preferable) • **Experience:** 03-10 years (In Manufacturing Unit is preferable)
**Salary:** 35K to 80K Per month + Incentive • **Location:** Rajkot
**Job Description: Position Overview:** The Export Manager plays a crucial role in managing and overseeing the international sales and distribution of a company's products or services.

## Export Executive (Male/Female) – 02

**Qualifications:** Graduate/ Post Graduate in any Stream (in international business, logistics, or in related field is preferable) • **Experience:** 02- 05 years (In Manufacturing Unit is preferable)
**Salary:** 20K to 45K Per month + Incentive • **Location:** Rajkot
**Job Overview:** The Export Executive is responsible for overseeing the export operations of the company.

## Area Sales Manager – 02

**Qualification:** Graduate/ Post Graduate in any Stream • **Experience:** 02- 08 years (In Manufacturing Unit is preferable) • **Salary:** 25K to 45K Per month + Incentive • **Location:** Rajkot
**Job Summary:** The Area Sales Manager is responsible for driving sales growth, managing a team of sales representatives, and ensuring the attainment of sales targets within their assigned geographic area.

## Sales & Marketing Executive – 02

**Education:** Graduate/ Post Graduate in any Stream • **Experience:** 02- 05 years (In Manufacturing Unit is preferable) • **Salary:** 20K to 45K Per month + Incentive • **Location:** Rajkot
**Job Summary:** Identify and source potential leads through various channels, including cold calls, email marketing, social media, and networking. Maintain accurate sales records, track progress, and report on sales activities to management.

## CRE (Customer Relationship Executive - Female)– 02

**Education:** Graduate/ Post Graduate in any Stream • **Experience:** 01- 04 years (In Manufacturing Unit is preferable) • **Salary:** 25k to 35k Per month • **Location:** Rajkot
**Job Description:** Develop and maintain strong, long-lasting customer relationships by understanding their needs, expectations, and preferences. This may involve regular follow-ups and personalized interactions.

## HR Executive (Female)- 01

**Education:** Graduate or Post Graduate in HR
**Experience:** 1- 3 years • Salary: 15K to 25K Per month
**Location:** Bhunava Gondal Rajkot GJ- 360311
**Job Description:** Participate in the recruitment process, including posting job openings, screening resumes, conducting interviews, and facilitating the on boarding of new employees.

## DRIVER - 01

**Education:** 10th/12th / Graduate.
**Experience:** 3- 8 years with (Heavy License)
**Salary:** 20K to 25K Per month
**Location:** Bhunava Rajkot GJ- 360311

अेन्जल Angel Industries

**Mail :** hr.angelin.rajkot@gmail.com / **Mob. :** +91 93758 44441
**Venue:** "Angel Industries" Plot No.2, Survey No. 75, Vishwakarma Industrial Park, B/h. Vandheshwar Mahadev Temple, NH - 27 Bhunava (Rajkot) -360311

# રવિ ટેકનોફોર્જની નવી ઓફિસ સંકુલ સહિતના નવા યુનિટનું શ્રી રામભાઇ મોકરીયાના હસ્તે ઉદ્‌ઘાટન




ચેરમેન શ્રી અમુભાઇ ભારદીયાની ઓફીસ સહિતના ઓફીસ સંકુલનું ઉદ્‌ઘાટન સાંસદ શ્રી રામભાઇ મોકરીયાએ કર્યું હતું.



રવિ ટેકનોફોર્જના નવા યુનિટ નિહાળતા શ્રી રામભાઇ મોકરીયા સાથે શ્રી અમૃતલાલ ભારદીયા, રાજુભાઇ ભારદીયા અને જગુભાઇ ભારદીયા.



શ્રી રામભાઇ મોકરીયા અને અમૃતલાલ ભારદીયાનું સન્માન કરતા શ્રી રમણીકભાઇ, દિલીપભાઇ ભારદીયા સહિતની ટીમ



ચેરમેન શ્રી અમૃતલાલની ઓફીસના ઉદ્‌ઘાટન સમયે શ્રી અમૃતલાલ ભારદીયા, જગુભાઇ ભારદીયા, રાજુભાઇ ભારદીયા અને અંકિત ભારદીયા



ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સંબોધન કરતા સાંસદ રામભાઇ મોકરીયા



સાંસદ રામભાઇ મોકરીયાનું સન્માન કરતા શ્રી અમૃતલાલ ભારદીયા




જનરલ મેનેજર પ્રવીણસિંહ ચુડાસમાનું સન્માન કરતા - શ્રી જગુભાઇ ભારદીયા

(સમાચાર માટે જુઓ પાના નં. ૨૦)

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month


## શું આ એક સ્વપ્ન છે કે વાસ્તવિકતા છે ?

- શું ડાયાબિટીસના દર્દીઓ દવા લીધા વિના વાસ્તવમાં સુગરનાં સ્તરને સામાન્ય રાખી શકે છે ?
- શું તે અજાયબી અથવા વિજ્ઞાન છે ?



માત્ર ૯૦ દિવસમાં આયુર્વેદિક દવાઓ, જીવનશૈલી પરિવર્તન, પંચકર્મ અને અદ્યતન નિદાન સાથે ડાયાબિટીસને સંપૂર્ણતહ નાબુદ કરી શકાય છે.

### માધવબાગ ૧૩ રાજ્યોમાં કાર્યરત

૨ હોસ્પિટલ અને ૩૫૦+ ક્લિનીક
૧૦ લાખ+ સફળ દર્દીઓની સારવાર
૪ લાખ+ પંચકર્મ/પ્રતિવર્ષ
૩ લાખ+ ઈ.સી.જી./પ્રતિવર્ષ
૩૦,૦૦૦+ હાર્ટના સ્ટ્રેસટેસ્ટ/પ્રતિવર્ષ
૧૦૦+ રીસર્ચ પેપર

હવે આપણા **રાજકોટ** શહેરમાં

K. D. Clinic
માધવબાગ™
મલ્ટીડિસિપ્લિનરી કાર્ડિયેક કેર ક્લીનીક્સ એન્ડ હોસ્પિટલ્સ
વ્હોટએવર ઈટ ટેક્સ.

:: Contact ::
**79907 49092**

Get Direction

૨૫/બી, ન્યુ જાગનાથ રોડ, ડો. કોશિયા ક્લિનીકની સામે, રાજકોટ.


VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**